દાખલ તારીખ ઃ– ૨૨/૧૨/૨૦૨૧
નોંધ્યા તારીખ ઃ– ૨૨/૧૨/૨૦૨૧
**ફેંસલ તારીખ ઃ– ૩૦/૦૬/૨૦૨૬**
સમયગાળો ઃ–વર્ષ – માસ – દિવસ
૦૪ – ૦૬ – ૦૮

**// ફોર્મ – એ //**

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–**

## પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–**

**સેશન્સ કેસ નંબરઃ– ૯૭/૨૦૨૧**

**આંક – ૮૭**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | | |
|---|---|---|
| **પોલીસ સ્ટેશન** | હારીજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૬/૨૦૨૦ | |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૪(ક), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ | |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૪(ક), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ | |
| **ફરીયાદી** | **ગુજરાત રાજ્ય** | |
| **વિ.એ.પી.પી. શ્રી** | જે.જે.બારોટ | |
| **આરોપીઓ** | (૧) | **કનુજી ચમનજી ગલાબજી ઠાકોર,**<br>ઉ. વ. – ૪૦.<br>રહે. માસા, આથમણા આંટા સીમમાં ખેતરમાં, તા. હારીજ, જી. પાટણ. |
| | (૨) | **જ્યોત્સનાબેન વા/ઓ. કનુજી ચમનજી ઠાકોર,** ઉ. વ. – ૪૦.<br>રહે. માસા, આથમણા આંટા સીમમાં ખેતરમાં, તા. હારીજ, જી. પાટણ. |

| | | |
|---|---|---|
| | (૩) | **ભરતસિંહ શિવુભા રામસંગજી વાઘેલા(દરબાર),** ઉ. વ. – ૨૫.<br>રહે. થરા, મારૂતિનગર સોસાયટી,<br>તા. કાંકરેજ, જી. બનાસકાંઠા.<br>હાલ રહે. સુરમ્ય રેસીડન્સી,<br>મકાન નં. ૧૯, હાંસાપુર રોડ, પાટણ. |
| | (૪) | **ભીખાજી પોપટજી કરશનજી ઠાકોર.**<br>ઉ. વ. – ૨૪.<br>રહે. વામૈયા, કાયાણી પાર્ટી,<br>તા. જી. પાટણ.<br>હાલ રહે. સુરમ્ય રેસીડન્સી,<br>મકાન નં. ૯, હાંસાપુર રોડ, પાટણ.<br>તા. જી. પાટણ. |
| **આરોપીઓ તરફે વિ.વકીલશ્રી** | | આરોપી નં. ૧, ૨ તરફે ચીફ એલ.એ.ડી.સી. શ્રી જી.એસ.પ્રિયદર્શી<br>આરોપી નં. ૩ તરફે વિ.વ. શ્રી એ.એમ.ઠક્કર<br>આરોપી નં. ૪ તરફે વિ.વ.શ્રી પી.પી.જંગરાલા |

## // ફોર્મ – બી //

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૨૧/૦૧/૨૦૨૦ |
| **ફરીયાદની તારીખઃ–** | તા.૨૩/૦૧/૨૦૨૦ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૦૪/૧૨/૨૦૨૦ |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખઃ–** | તા.૦૯/૧૦/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૩૦/૧૨/૨૦૨૩ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | તા.૦૬/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખઃ–** | તા.૩૦/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | XXX |

## // આરોપીઓની વિગત //

| આરોપી નંબર | આરોપીઓના નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | **હોય તો તેની વિગત** | | | | **દરમિયાન કેટલો સમય કાચાકામના કેદી તરીકે રહેલા છે.** |
| ૦૧ | કનુજી ચમનજી ગલાબજી ઠાકોર | ૨૪/૦૧/૨૦૨૦ | ૧૨/૦૨/૨૦૨૦ | ઈ. પી. કોડની કલમ – ૩૬૪(ક), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબ | આરોપી ઓને શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | – | ૧૯ (ઓગણીસ) દિવસ |
| ૦૨ | જ્યોત્સનાબેન વા/ઓ. કનુજી ચમનજી ઠાકોર | ૨૪/૦૧/૨૦૨૦ | ૦૫/૦૨/૨૦૨૦ | | | – | ૧૨(બાર) દિવસ |
| ૦૩ | ભરતસિંહ શિવુભા રામસંગજી વાઘેલા (દરબાર) | ૨૪/૦૧/૨૦૨૦ | ૧૧/૦૨/૨૦૨૦ | | | | ૧૮(અઢાર) દિવસ |
| ૦૪ | ભીખાજી પોપટજી કરશનજી ઠાકોર | ૨૪/૦૧/૨૦૨૦ | ૧૧/૦૨/૨૦૨૦ | | | | ૧૮(અઢાર) દિવસ |

## // ફોર્મ - સી //

## <u>ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (એ) ફરીયાદ પક્ષ તરફે

### ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | પ્રવિણભાઈ કમાભાઈ ચૌધરી | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૮ |
| ૨ | દશરથભાઈ નરસંગભાઈ ઠાકોર | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૦ |
| ૩ | ગોપાળસિંહ ભુપતસિંહ ઠાકોર | આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ | ૨૬ |
| ૪ | રાવળ દિપક રાજુભાઈ | આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ | ૩૧ |
| ૫ | ભલાજી ખેંગારજી ઠાકોર | ઓળખપરેડના પંચનામાના પંચ સાહેદ | ૩૩ |
| ૬ | નારાયણભાઈ સોનાભાઈ ડીયા | સાહેદ, ઓળખપરેડનું પંચનામું કરનાર | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૭ | પ્રવિણભાઈ સેમાભાઈ ચૌધરી | ફરીયાદી | ૪૮ |
| ૮ | ભરતસિંહ જશવંતસિંહ ઠાકોર | પી.એસ.ઓ. | ૫૪ |
| ૯ | આશીષકુમાર બિપીનચંદ્ર ભટ્ટ | તપાસ કરનાર અધિકારી | ૬૦ |
| ૧૦ | શૈલેષકુમાર રામજીભાઈ સોલંકી | તપાસ કરનાર અધિકારી | ૬૮ |

## (બી) બચાવ પક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## // ફરિયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા //

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૯ |
| ૨ | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું. | ૨૭ |
| ૩ | પંચોની સહીવાળી સ્લીપો. | ૨૮ થી ૩૦ |
| ૪ | ઓળખ પરેડનું પંચનામું. | ૩૭ |
| ૫ | ફરીયાદ | ૪૯ |
| ૬ | ડેપ્યુટ હુકમ. | ૫૫ |
| ૭ | કલોઝીંગ પુરસીસ. | ૬૯ |

## // બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો //

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## // કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો //

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## // મુદ્દામાલની વિગત //

| અ.નં. | આર્ટી. નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક સેમસંગ કંપનીનો ડ્યુઅસ સાદો મોબાઈલ. |
| ૨ | ૨ | એક આઈટેલ એલ ૫૫૦૨ મોડલનો એન્ડ્રોઈડ મોબાઈલ તથા સેમસંગ કંપનીનો સાદો મોબાઈલ. |
| ૩ | ૩ | એક ગ્રે કલરની સ્વીફ્ટ કાર નં. જીજે–૨/સીજી–૨૬૬૧ તથા એક વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ તેમજ ટેકનો કેમોન કંપનીનો મોબાઈલ. |
| ૪ | ૪ | એક સેમસંગ કંપનીની ગોલ્ડન કલરનો સાદો મોબાઈલ. |

## // ચુ કા દો //

(૦૧) સદર સેશન્સ કેસમાં આરોપીઓ ઈ. પી. કોડની કલમ – ૩૬૪(એ), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુનાના તહોમતનો સામનો કરી રહેલ છે. આ કામના આરોપીઓ વિરૂદ્ધ અગાઉના વિ. સેશન્સ જજશ્રીએ આંક – ૧૨ થી ઉપર મુજબના ગુના સંબંધેનું તહોમતનામું ફરમાવેલ છે.

## // ફરીયાદ પક્ષનો કેસ //

(૦૨) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કેઃ–

(૨.૧) આ કામના ફરીયાદી પ્રવિણભાઈ સેમાભાઈ રામશીભાઈ, પાટણ મુકામે રહે છે અને રાધનપુર ગંજ બજારમાં રાજ ટ્રેડર્સ નામની પેઢી(દુકાન) ચલાવી કમીશન એજન્ટ તરીકે વેપાર કરી તેઓનું તથા પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ કુટુંબ સાથે છેલ્લા વીસેક વર્ષથી રાધનપુર મુકામે રહે છે.

(૨.૨) વધુમાં ફરીયાદી ફરીયાદમાં જણાવે છે કે, તા.૨૧/૦૧/૨૦૨૦ ના રોજ સવારે રોજ ગંજ બજારમાં તેઓની દુકાને ગયેલ અને તેઓને ધીણોજ મુકામે ધંધાર્થે જવાનું હોય જેથી તેઓની દુકાનેથી બપોરના આશરે બે વાગે તેઓની હોન્ડા કંપનીની ગાડી નં. જી.જે.–૨૪/

એએ-૮૧૩૨ની લઈ ધીણોજ જવા સારૂ નિકળેલ અને સમી થઈ હારીજ થઈ મહેસાણા રોડ ઉપર જતા આશરે ત્રણેક વાગે પહોંચતા હારીજ પાસે સબરી પ્લાઝા પાસે રોડ ઉપર એક બેન ઉભેલ હતા જેમણે હાથ બતાવી ઈશારો કરી ગાડી ઉભી રાખવા જણાવતા ફરીયાદી તેઓની ગાડી ઉભી રાખતા આ બેને તેઓને પુછેલ કે, તેણીને આગળ કેનાલ સુધી જવુ છે. જેથી ફરીયાદીએ કહેલ કે, હું ધીણોજ જઉં છું બેસી જાવ તમને કેનાલ પાસે ઉતારી દઈશ તેમ કહી ફરીયાદીએ દયાભાવ રાખી આ બેનને તેઓની ગાડીમાં પાછળની સીટમાં બેસાડેલા અને સબરી પ્લાઝા પાસેથી નિકળી આગળ જતા કંબોઈ પાટીયા નજીક કેનાલ પાસે આવતા આ બેને ફરીયાદીને જણાવેલ કે, તેઓનો દિકરો બીમાર છે અને તેઓ કેનાલ પાસે રહે છે તેણીને ઉતાવળ છે તમો તેણીને થોડે આગળ સુધી ઉતારી જશો. જેથી ફરીયાદી આ બેનને કુરેજા તરફ જતી નર્મદા કેનાલ ઉપર ગાડી વાળી બેનને મુકવા સારૂ જતા હતા દરમ્યાન કેનાલ ઉપર આશરે એક કી.મી. જતા રોડ ઉપર બંપ આવે જેથી તેઓએ ગાડી ધીમી પાડતા અચાનક એક ગ્રે કલરની સ્વીફ્ટ ગાડી તેઓની ગાડીની આગળ આવી ઉભી રહેલ અને આ સ્વીફ્ટ ગાડીમાંથી ત્રણ ઈસમો નીચે ઉતરેલા જે ત્રીસથી પાંત્રીસ વર્ષની ઉંમરના હશે જેમાંથી એક ઈસમ તેઓની પાસે આવેલ અને ગાડીની ચાવી કાઢી લીધેલ અને ફરીયાદીને ગાડીમાંથી નીચે ઉતારી દઈ કહેવા લાગેલ કે, નાગાઈ ના ધંધા કરે છે, આમ તેમ ખોટુ બોલી એક ઈસમે તેની ફેટમાંથી છરી કાઢી તેઓની પાસે આવતા આ વખતે તેઓની વચ્ચે ઝપાઝપી થતા ફરીયાદીને જમણા હાથની હથેળીમાં છરીની અણી સહેજ વાગેલ.

(૨.૩) વધુમાં ફરીયાદી તેઓની ફરીયાદીમાં જણાવે છે કે, જેથી ફરીયાદી ગભરાઈ ગયેલ અને આ લોકોએ તેઓને બળજબરીથી તેઓનીજ ગાડીમાં પાછળની સીટમાં બેસાડી એક ઈસમ તેઓની પાસે બેઠેલ અને એક ઈસમે તેઓની ગાડી ચાલુ કરી કેનાલના રોડ ઉપર આગળ જવા દીધેલ અને સ્વીફ્ટ ગાડીમાં એક ઈસમ બેસી સ્વીફ્ટ ગાડી પાછી વાળીને જતો રહેલ અને થોડે આગળ જઈ ફરીયાદીની ગાડીમાં જે બેન બેઠેલ હતી તેને પણ કેનાલના રોડ ઉપર ઉતારી દીધેલ અને ગાડી કેનાલ ઉપર આગળ જવા

દીધેલ અને ભલાણા ગામ પાસે કેનાલમાં સાયફન બનાવેલ હોય જેથી કાચા રસ્તે થઈ ફરી કેનાલના રોડ ઉપર ગાડી ચઢાવેલ અને રોડા ગામનું બોર્ડ આવતા આ લોકોએ ગાડી કેનાલ ઉપર બનાવેલ પુલ ઉપર થઈ પાટણ તરફ જતા રોડ ઉપર જવા દીધેલ અને થોડે આગળ જતા માંસા ગામ પાસે થઈ કાચા નેળીયામાં થઈ એક મંદિર પાસે ગાડી ઉભી રાખેલ અને આ મંદિર તેઓએ જોયેલ તો તે હીંગળાજ માતાનું મંદિર હતુ. આ લોકો ફરીયાદીને કહેતા હતા કે, જો તે અમારા કાકાની પત્નીને ગાડીમાં બેસાડી તેની સાથે ખરાબ કામ કર્યું છે, જો તારે પતાવટ કરવી હોય તો પચાસ લાખ રૂપિયા આપવા પડશે. જેથી તેઓ ગભરાઈ ગયેલ અને આ લોકોને કરગરવા લાગેલ અને કહેલ કે, મારી પાસે આટલા બધા રૂપિયા નથી તેવી વાત કરતા છેલ્લે આ લોકોએ ચાર લાખ રૂપિયામાં પતાવટ કરવાની વાત કરેલ. આ લોકોએ ફરીયાદીને ચાર લાખ રૂપિયાનો હવાલો કરાવવાનું કહેતા ફરીયાદીએ તેઓના કુટુંબી સાળા અનીલભાઈ દેવાભાઈ ચૌધરી, રહે. માંડલા, તા. કાંકરેજને ફોન કરેલ અને તેમની પાસે ચાર લાખ રૂપિયા માંગતા અનીલભાઈએ કહેલ કે હાલમાં સગવડ થાય તેમ નથી. જેથી ફરીયાદીએ આ લોકોને કહેલ કે, ચાર લાખ રૂપિયાની હાલ સગવડ થાય તેમ નથી હું આવતી કાલે બાર વાગે સગવડ કરી આપીશ તેમ કહી આ લોકોને આજીજી કરતા લોકો આવતી કાલે પૈસા લેવા તૈયાર થઈ ગયેલ. આ લોકોએ જે બેન તેઓની સાથે ગાડીમાં બેઠેલ હતા તે બેનને બોલાવેલ તો થોડીવારમાં આ બેન તથા તેની સાથે એક બીજો ઈસમ પણ આવેલ અને આ બેન સાથે આવેલ ઈસમ કહેવા લાગેલ કે, આને મારી નાખવો છે અને મારી પત્નીને પણ મારી નાંખવી છે. આ સાલી આવા ધંધા કરે છે મારે પૈસા જોઈતા નથી તેમ કહી ફરીયાદીને ધમકાવવા લાગેલો અને મારી સાથે જે બે ઈસમો હતા તેઓએ ફરીયાદીને ગાડીમાં બેસાડી દીધેલ અને કહેલ કે, તુ થોડીવાર ગાડીમાં બેસ અમે પતાવટ કરી આપીએ છીએ.

(૨.૪) વધુમાં ફરીયાદી તેઓની ફરીયાદમાં જણાવે છે કે, બાદ આ ચારેય જણા થોડે દુર જઈ વાતો કરવા લાગેલા અને થોડીવાર પછી આ બેનને લઈ ગાડીમાં ફરીયાદી સાથે પાછળની સીટમાં બેસાડેલ અને તેઓને

કહેલ કે, અમો જેમ કહીએ તેમ તું બોલ તેમ કહી તેઓની પાસે આ બેનને બેસાડી તેના મોઢા ઉપર સાડી ઓઢાડી ફરીયાદીને કહેલ કે તુ બોલ કે, મે નાગાઈનો ધંધો કર્યો છે, જેથી ફરીયાદી આ લોકોએ કહેલ તેમ બોલતો હતો ત્યારે આ લોકોએ મોબાઈલમાં તેઓનો વીડીઓ બનાવેલ. ત્યાર પછી આ બેનને ગાડીમાંથી નીચે ઉતારી દીધેલ અને ફરીથી તેઓની પાસે બોલાવેલ મેં નાગાઈનો ધંધો કર્યો છે, જેથી હુ આવતી કાલે ચાર લાખ રૂપિયા ધર્માદામા બપોરના બારથી એકના ગાળામાં તમો કહેશો ત્યાં આપી જઈશ તેમ બોલાવી તેનો પણ વીડીયો બનાવેલ અને ફરીયાદીનો મોબાઈલ નંબર લખી લીધેલ ત્યાર પછી આશરે સાંજના છએક વાગે આ લોકોએ ફરીયાદીને જવા દીધેલ જેથી ફરીયાદી તેઓની ગાડી લઈ નિકળી રોડા થઈ કામલપુર થઈ રાધનપુર આશરે સવા સાતેક વાગે તેઓના ઘરે ગયેલ અને વાળુ પાણી કરી તેઓના ઘરે સુઈ ગયેલો અને તેઓના ઘરના કોઈ સભ્યને વાત કરેલ નહી.

(૨.૫) વધુમાં ફરીયાદી તેમની ફરીયાદમાં જણાવે છે કે, બીજા દીવસે તા.૨૨/૦૧/૨૦૨૦ ના રોજ તેઓ સવારે રોજની જેમ જાગી નાહી ધોઈ દુકાને ગયેલો અને બપોરના બાર વાગે ફરીયાદીના મો.નં. ૭૦૯૬૮૩૪૦૩૮ ઉપર મો. નં. ૯૯૦૯૯૩૪૦૭૩ ઉપરથી ફોન આવેલ અને તેઓને જણાવેલ કે, હુ રાજભા બોલુ છું તેમ કહી મને કહેલ કે શું થયુ પૈસાનું જેથી ફરીયાદીએ કહેલ કે, હજુ પુરા પૈસાની સગવડ થયેલ નથી અને તમો વારાહી પાસે સાદપુરા પાટીયા પાસે આવેલ ગોપાલ હોટલ ઉપર આવો તમો આવો ત્યાં સુધી હુ ચાર લાખની સગવડ કરી દઈશ તેમ કહી ફોન મુકી દીધેલ થોડી વાર પછી ફરીથી ઉપરોક્ત નંબર ઉપરથી મને ફોન આવેલ અને ફરીયાદી કહેલ કે, હુ ઈડર છુ હવાલો કર. જેથી ફરીયાદીએ કહેલ કે ઈડર હુ કોઈ આંગડીયા પેઢીવાળાને ઓળખતો નથી તમે કહો તો રૂબરૂ આવી પૈસા આપી જઉ. જેથી આ રાજભાએ કહેલ કે, સારૂ ઈડર આવી જા પરંતુ મે કોઈ ખોટુ કામ કરેલ ના હોય જેથી મારે પૈસા આપવા ના હોય જેથી હુ ઈડર ગયેલ નહી અને ત્યાર પછી આ રાજભાનો તેઓના ઉપર ઘડી ઘડી ફોન આવતા હતા પરંતુ ફરીયાદી બાના બતાવતો હતો. આ રાજભા નામની ઓળખ આપેલ ઈસમે ફરીયાદીને રાત્રીના સાડા આઠેક વાગ્યા સુધી ફોન કરેલ અને છેલ્લે

ફરીયાદીને ધમકી આપેલ કે, જો તુ પૈસા નહી આપે તો તારા ઘરે આવીશુ તારી ઈજ્જત કાઢીશુ તેવુ કહી ફરીયાદીને જેમ તેમ બોલેલ અને ત્યાર પછી ફરીયાદી ઉપર કોઈ ફોન આવેલ નથી. આ લોકોથી ફરીયાદી ડરી ગયેલ હોય જેથી ફરીયાદીએ આ બનાવની કોઈને વાત કરેલ અને ફરીયાદીએ તેઓના સાળા અનિલભાઈને વિગતવારની હકીકત જણાવેલ. જેથી ફરીયાદીના સાળાએ ફરીયાદીને કહેલ કે ફરિયાદ આપી દો. જેથી ફરીયાદી ફરિયાદ કરવા આવેલ છે. ફરીયાદીની ગાડીમાં બેઠેલ બાઈએ સફેદ અને વાદળી કલરની સાડી પહેરેલ હતી અને તે મજબુત બાંધાની આશરે ઉંમર વર્ષ ૩૫ ની હતી. સ્વીફ્ટ ગાડીમાં આવેલ ત્રણેય ઈસમોએ પેન્ટ શર્ટ પહેરેલ હતા અને આશરે ઉંમર વર્ષ ૩૫ ના હતા તથા માંસા ગામે આવેલ ઈસમની આશરે ૩૦ વર્ષ ઉંમરના હશે. સ્વીફ્ટ ગાડીનો નંબર જી.જે.-૦૨/સીજી-૨૬૬૧ નો હતો તેમજ આ ચારેય ઈસમો તથા તેમની સાથેની બાઈને તેઓ જોયેથી ઓળખી શકે છે. જેથી આ ઈસમોએ એકબીજાના મેળાપીપણાથી ગુનાહીત કાવતરૂ રચી એક બાઈને મારી સાથે ગાડીમાં બેસાડી તેમના કાવતરા પ્રમાણે મને કંબોઈ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલના રોડ ઉપર લઈ જઈ ત્રણ ઈસમો ઉપરોક્ત સ્વીફ્ટ ગાડી લઈ આવી ફરીયાદીની ગાડીની આગળ સ્વીફ્ટ ગાડી આડી કરી ફરીયાદીને છરી બતાવી બળજબરીથી ફરીયાદીનીજ ગાડીમાં તેઓનું અપહરણ કરી, ફરીયાદીને માસા ગામ પાસે આવેલ હિંગળાજ માતાજીના મંદિરે લઈ જઈ ફરીયાદીને ખોટી રીતે ફસાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગાળા ગાળી કરી, ફરીયાદી પાસે પચાસ લાખ રૂપિયાની માંગણી કરી છેલ્લે ચાર લાખ રૂપિયામાં પતાવટ કરવાનું નક્કી કરી ફરીયાદીને છોડી દીધેલ અને ફોન ઉપર વારંવાર પૈસાની ઉઘરાણી કરી આ લોકો પોતાની ખોટી ઓળખ આપી ફરીયાદી પાસેથી બળજબરીથી પૈસા કઢાવી લેવાની કોશિષ કરી ગુનો કરેલ હોઈ આ પાંચેય વિરૂદ્ધ ધોરણસર થવા હાલની ફરીયાદ કરેલ છે.

## // પોલીસ અન્વેષણ //

(૦૩) સદર બનાવ અંગેની ઉપરોક્ત ફરીયાદ, ફરીયાદી પ્રવિણભાઈ

સેમાભાઈ રામશીભાઈ ચૌધરીએ હારીજ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ આપતા, પી.એસ.ઓ. ભરતભાઈ જશવંતસિંહે ફરીયાદીની ઉપરોક્ત ફરીયાદ નોંધી લીધેલ અને હારીજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૩૬/૨૦૨૦ થી ઈ. પી. કોડની કલમ – ૩૬૪(ક), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરેલો.

(૩.૧) આ કામે પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.એ ડેપ્યુટ હુકમના આધારે સદરહું ગુનાની આગળની તપાસ પી.એસ.આઈ., એ.બી.ભટ્ટને સોંપેલ, ત્યારબાદ તપાસ કરનાર અધિકારી એ.બી.ભટ્ટે સદર સમગ્ર ગુનાની તપાસ કરેલ. તેઓએ તપાસના કામે જરૂરી પંચનામા કરેલ તેમજ વિગતવાર તપાસ કરેલ, આરોપીઓને અટક કરેલ, સાહેદોના નિવેદન લીધેલ, ત્યારબાદ સમગ્ર તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂદ્ધ ઉપર મુજબના ગુનાનું ચાર્જશીટ વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, હારીજની કોર્ટમાં દાખલ કરેલ, જે ક્રિમીનલ કેસ નં. ૧૬૭/૨૦૨૦ થી રજીસ્ટરે લેવાયેલ.

## // મુકદ્દમાની સોંપણી //

(૦૪) બાદ હારીજના વિ. જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસશ્રીએ આરોપીઓ તેઓની સમક્ષ હાજર થતા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ અન્વયે આરોપીઓને ચાર્જશીટના પેપર્સની નકલો મળેલ હોવાનો આંક – ૧૬ થી આંક – ૧૯ સુધી જવાબ લઈ, આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપિત ગુના અંગેની ટ્રાયલ ચલાવવાની એકમાત્ર સત્તા સેશન્સ અદાલતને હોઈ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ હેઠળ મજકુર ફોજદારી કેસ નં. ૧૬૭/૨૦૨૦, આંક – ૨૮ ના કમીટલ ઓર્ડરથી કમીટ કરતા અને સદરહું કેસ સેશન્સ કોર્ટ, પાટણમાં કમીટ થઈ આવતા, તે સેશન્સ કેસ નં. ૯૭/૨૦૨૧ થી રજીસ્ટરે લેવાયેલ.

## // તહોમતનામું //

(૦૫) બાદ અગાઉના વિ. સેશન્સ જજશ્રી દ્વારા રેકર્ડ ઉપરની

સામગ્રીને વંચાણે લઈ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ આંક – ૧૨ થી આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ – ૩૬૪(ક), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલ. આરોપીઓએ તેઓની વિરૂદ્ધનો ગુનો કબુલ ન હોઈ અને ટ્રાયલ ચલાવવા માંગણી કરતા, આરોપીઓનું આંક – ૧૩ થી આંક – ૧૬ સુધી નિવેદન નોંધી, આરોપીઓ વિરૂદ્ધ ફરમાવેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર કેસ રાખવામાં આવેલ.

(૦૬) ફરીયાદ પક્ષના ઉપરોક્ત પુરાવાને અંતે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસની મોટાભાગની હકીકતોનો ઈન્કાર કરી તેઓની વિરૂદ્ધનો પુરાવો ખોટો હોવાનું, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદ તપાસવા માંગતા નહીં હોવાનું જણાવી આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ. અમોએ આવો કોઈ ગુનો કરેલ નથી. અમારા વિરૂદ્ધ હાલનો ખોટો કેસ કરેલ છે. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.

(૦૭) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી જે.જે.બારોટને સાંભળ્યા. આરોપી નં. ૧, ૨ તરફે વિ. ચીફ એલ.એ.ડી.સી. વકીલ શ્રી જી.એસ.પ્રિયદર્શી, આરોપી નં. ૩ તરફે વિ. વકીલ શ્રી એ.એમ.ઠક્કર તથા આરોપી નં. ૪ તરફે વિ. વકીલ શ્રી પી.પી.જંગરાલાને સાંભળ્યા.

(૦૮) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી જે.જે.બારોટે દલીલ કરતા જણાવેલ છે કે, સદરહું આરોપીઓ વિરૂદ્ધ આંક – ૧૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષે કુલ ૧૦ સાહેદો આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે તપાસેલ છે અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ આ કામના ફરીયાદી તેઓની ગાડી લઈને હારીજ મહેસાણા રોડ ઉપર જતા હતા તે વખતે સબરી

પ્લાઝા પાસે રોડ ઉપર આરોપી નં. ૨ નાએ ઈશારો કરી ગાડી ઉભી રખાવેલ અને તેણીને કેનાલ સુધી જવું છે તેમ કહેતા ફરીયાદીએ આરોપી નં. ૨ ને ગાડીમાં પાછળની સીટ ઉપર બેસાડેલ અને કંબોઈ પાટીયા પાસે કેનાલ નજીક આવતા આરોપી નં. ૨ નાએ તેણીનો દિકરો બિમાર હોઈ થોડે આગળ સુધી ઉતારી જવાનું જણાવતા આગળ ઉતારવા જતા આરોપી નં. ૩, ૪ નાઓ તથા અન્ય આરોપી સ્વીફ્ટ ગાડીમાં આવી ફરીયાદીની ગાડી આગળ ગાડી ઉભી રાખી ફરીયાદીની ગાડીની ચાવી કાઢી લઈ અને ફરીયાદી સાથે ઝપાઝપી કરી ફરીયાદીને બળજબરીથી તેની પાછળની સીટમાં બેસાડી અપહરણ કરી લઈ જઈ માંસા ગામ પાસે એક મંદિર પાસે ગાડી ઉભી રાખી ફરીયાદીને તે અમારા કાકાની પત્નીને ગાડીમાં બેસાડી તેણી સાથે ખરાબ કામ કરેલ છે. જો તારે પતાવટ કરવી હોય તો પચાસ લાખ આપ તેવી માંગણી કરતા ફરીયાદીએ આટલી મોટી રકમ ન હોવાનું જણાવતા છેલ્લે ચાર લાખમાં પતાવટ કરવાનું કહી બીજા દિવસે ફરીયાદીએ આપવાની વાત કરતા આરોપીઓએ ફરીયાદીને તેઓ કહે તેમ બોલવાનું કહી તે અંગે વિડીઓ ઉતારી લીધેલ અને ત્યારબાદ ફરીયાદીને જવા દીધેલ અને તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજ ફરીયાદી પાસે પૈસાની વારંવાર ઉઘરાણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગાળો બોલેલ અને આમ કરી આરોપીઓએ ગુનાઈત કાવતરૂ રચી ફરીયાદી પાસેથી બળજબરથી પૈસા કઢાવી લેવાની કોશિષ કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ફરીયાદ પક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં આંક – ૧૮ તથા આંક – ૨૦ થી પંચ સાહેદ પ્રવિણભાઈ કમાભાઈ ચૌધરી તથા દશરથભાઈ નરસિંહભાઈ ઠાકોરને તપાસેલ છે. જેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થનરૂપ પુરાવો આપતા નથી પરંતુ સદર બંને પંચ સાહેદની જુબાનીમાં આંક – ૧૯ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું તપાસ કરનાર અમલદારની જુબાનીથી પુરવાર કરેલ છે.

(૮.૧) વધુમાં વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે, બાદ ફરીયાદ પક્ષ તરફે આંક – ૨૬ થી પંચ સાહેદ ગોપાળસિંહ ભુપતસિંહ ઠાકોર તથા આંક – ૩૧ થી દિપકભાઈ રાજુભાઈ રાવળનાઓને તપાસેલ છે. સદર

પંચ સાહેદની જુબાનીમાં આંક – ૨૭ થી આરોપીઓનું શરીરસ્થિતિ તથા મોબાઈલ કબજે કર્યા અંગેનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચ સાહેદો ફરીયાદ પક્ષને સમર્થનરૂપ પુરાવો આપતા નથી, પરંતુ સદર પંચનામું તપાસ કરનાર અમલદારની જુબાની આધારે પુરવાર થયેલ છે.

(૮.૨) વધુમાં તેઓની દલીલ એવી છે કે, ત્યારબાદ આંક – ૩૬ ની અરજીના આધારે માર્ક – ૧૧/૫ થી રજુ થયેલ ઓળખપરેડના પંચનામાને ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૨૯૧(૧) ની જોગવાઈ મુજબ આંકે પાડી પુરાવામાં વંચાણે લેવાનો હુકમ કરેલ છે અને તે મુજબ આંક – ૩૭ થી ઓળખ પરેડનું પંચનામું રજુ થયેલ છે. બચાવ પક્ષ તરફે એક્ઝી. મેજી.ની ઉલટતપાસ કરવાનું જણાવતા આંક – ૪૧ થી તેઓની જુબાની લેવામાં આવેલ છે અને ઉલટતપાસ દરમિયાન બચાવ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો મળી આવતો નથી. આમ, એક્ઝી. મેજી.ના પંચનામાના આધારે ઓળખપરેડની કાર્યવાહી દરમિયાન આ કામના ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલાનું પુરવાર થાય છે.

(૮.૩) વધુમાં વિ.એ.પી.પી. શ્રીની દલીલ એવી છે કે, ત્યારબાદ આંક – ૪૮ થી પ્રવિણભાઈ સેમાભાઈ ચૌધરીને તપાસેલ છે. જેઓએ જે પ્રમાણે બનાવ બનેલ છે તે પ્રમાણે સોગંદ ઉપર જુબાની આપેલ છે. ફરીયાદીએ પ્રથમ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરીયાદ આપેલ છે અને ત્યારબાદ આરોપીઓ મળી આવતા તેઓને ઓળખપરેડના પંચનામા દરમિયાન ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષ તરફે કરેલ ઉલટતપાસ દરમિયાન ફરીયાદીની ફરીયાદ હકીકત બાબતે શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત મળી આવતી નથી અને આરોપીઓ સાથે કોઈ દ્વેષભાવ હોય કે અદાવત હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની જુબાનીના આધારે ફલિત થતી નથી. આમ, ફરીયાદીની જુબાનીમાં રજુ થયેલ આંક – ૪૯ ની ફરીયાદ પુરવાર થયેલ છે.

(૮.૪) આ કામે વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે, ત્યારબાદ આંક – ૫૪ થી તપાસવામાં આવેલ ભરતસિંહ જસવંતસિંહ ઠાકોરનો પુરાવો જોતા તેઓએ સદરહું ગુનાની ફરીયાદ લીધા બાદ ગુનો

રજીસ્ટર કરી આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી.ભટ્ટને સોંપેલ છે. ત્યારબાદ આંક – ૬૦ થી તપાસ કરનાર અમલદારશ્રી એ.બી.ભટ્ટને તપાસવામાં આવેલ છે. જેઓએ સદર ગુનાની તપાસ મળતા ગુનાવાળી જગ્યાએ જઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે તેમજ તપાસ દરમિયાન જે જે કાર્યવાહી કરેલ છે તે હકીકત સોગંદ ઉપર જણાવેલ છે. બચાવ પક્ષ તરફે કરેલ ઉલટતપાસ દરમિયાન તપાસ અંગે શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત મળી આવતી નથી. ત્યારબાદ આંક – ૬૮ થી એ.એસ.આઈ. શૈલેષકુમાર રામજીભાઈ સોલંકીની તપાસેલ છે કે જેઓ બનાવ સમયે પાટણ એલ.સી.બી.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને મળેલ બાતમી હકીકતના આધારે આ ગુનાના આરોપી કનુજી ચમનજી ઠાકોર તથા જ્યોત્સનાબેનનાઓ ઘરે હાજર મળી આવતા અને તેઓની તપાસ દરમિયાન આ ગુનાના કામે ભરતસિંહ શીવુભા તથા ભીખાજી પોપટજીનાઓ પણ ભેગા હોઈ તે તમામ ઈસમોને ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૪૧(૧)(ડી) મુજબ અટક કરી હારીજ પોલીસ સ્ટેશન તપાસ થવા સારૂ મોકલી આપેલ છે. આમ, આ કામના આરોપીઓ તપાસ દરમિયાન મળી આવતા તેઓને અટક કરવામાં આવેલ છે. જે આરોપીઓને અટક કરવામાં આવેલ છે. તેઓની સાથે ફરીયાદી કે પોલીસને કોઈ અદાવત હોય તેવી કોઈ હકીકત મળી આવતા નથી જેથી ખોટી રીતે આ ગુનામાં સંડોવાયેલ હોવાનું માની શકાય નહીં. ફરીયાદી વેપારી વર્ગના ઈસમ હોઈ અને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર બનાવનો અન્ય સાક્ષી ફરીયાદીનો સાળો ગુજરી ગયેલ હોઈ તેઓને તપાસી શકાયેલ નથી. જે પ્રમાણે બનાવ બનેલ છે તે જોતા અન્ય કોઈ ત્રાહીત સાહેદો મળી શકે નહીં. જેથી ફરીયાદીએ જે હકીકત જણાવેલ છે તે કોઈ શંકાસ્પદ હકીકત જણાતી ન હોઈ માત્ર ફરીયાદીની જુબાનીના આધારે આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ પક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ આરોપીઓને સખતમાં સખત સજા કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૦૯) આ કામે આરોપી નં. ૧, ૨ તરફે વિ. ચીફ એલ.એ.ડી.સી. શ્રી

જી.એસ.પ્રિયદર્શી રજુઆત કરતા જણાવે છે કે, આ કામના આરોપીઓ વિરૂદ્ધ આંક – ૧૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, પરંતુ તહોમતનામાની કોઈ હકીકત ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો તથા મોબાઈલ રીકવર કર્યાના અને આરોપીની શરીરસ્થિતિના પંચ સાહેદો ફરીયાદ પક્ષને સમર્થનરૂપ પુરાવો આપતા નથી. અન્ય કોઈ ત્રાહીત સાહેદોને તપાસવામાં આવેલ નથી. માત્ર ફરીયાદીને તપાસવામાં આવેલ છે. જેઓ રસ ધરાવનાર સાહેદ ગણી શકાય ત્યારે સદર સાહેદની જુબાની ઉપર માત્ર આધાર રાખી શકાય નહીં. કહેવાતો બનાવ તા.૨૧/૦૧/૨૦૨૦ ના રોજ બનેલ છે અને તે અંગેની ફરીયાદ તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ આપેલ છે. મોડી ફરીયાદ આપ્યા બાબત કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આંક – ૪૯ થી રજુ થયેલ ફરીયાદ શંકાસ્પદ હોઈ તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ. ફરીયાદીના જણાવ્યા મુજબ તેઓને ઝપાઝપીમાં હાથે છરી વાગેલ, પરંતુ તે બાબતે સારવાર કરાવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ફરીયાદ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ આપવામાં આવેલ છે અને ત્યારબાદ ઓળખપરેડનું પંચનામું કરાવી ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલાનું જણાવેલ છે, પરંતુ આંક – ૩૭ થી રજુ થયેલ ઓળખપરેડનું પંચનામું વંચાણે લેતા એક્ઝી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ ઓળખ પરેડની કાર્યવાહી યોગ્ય રીતે કરેલાનું જણાઈ આવતું નથી. જેથી સદર ઓળખ પરેડના પંચનામાને આધારે ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલાનું માની શકાય નહીં. ફરીયાદીના જણાવ્યા મુજબ આરોપીઓએ તેનો વિડીઓ ઉતારેલ તેવો કોઈ વિડીઓ આ કામે રજુ થયેલ નથી. વધુમાં આંક – ૬૮ થી તપાસવામાં આવેલ એ.એસ.આઈ. શૈલેષકુમારની જુબાની જોતા સદર ગુનાના કામે વપરાયેલ સ્વીફ્ટ ગાડી પંચનામાની વિગતે કબજે લીધેલ, પરંતુ આવું કોઈ પંચનામું ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી અને આવી કોઈ સ્વીફ્ટ ગાડી ગુનાના કામે કબજે લીધેલ હોય તેવું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરીયાદ પક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી

છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

(૯.૧) સદર કામે આરોપી નં. ૩ તરફે વિ.વકીલ શ્રી એ.એમ.ઠક્કર રજુઆત કરતા જણાવે છે કે, આંક – ૪૯ થી રજુ થયેલ ફરીયાદમાં ત્રીસથી પાંત્રીસ વર્ષની ઉંમરના ઈસમો હોવાનું જણાવેલ છે. જ્યારે આ કામે પોલીસે જે આરોપીઓને અટક કરેલ છે તેઓની ઉંમર વીસથી પચ્ચીસ વર્ષની છે જેથી આ કામના આરોપીઓજ સદર ગુનામાં સંડોવાયેલ હોવાની બાબત શંકાસ્પદ જણાય છે. ફરીયાદીએ ફરીયાદમાં આરોપીઓએ મોબાઈલમાં વીડીઓ ઉતારેલાનું જણાવેલ છે, પરંતુ આવો કોઈ વાંધાજનક વિડીઓ આરોપીઓના મોબાઈલમાંથી મળી આવેલ નથી. આવો કોઈ વાંધાજનક વિડીઓ આરોપીઓના મોબાઈલમાં હોય તે બાબતે તેઓના મોબાઈલ એફ.એસ.એલ. માં પણ મોકલવામાં આવેલ નથી ત્યારે સદર હકીકત ફરીયાદી ખોટી જણાવતા હોવાનું માની શકાય. ફરીયાદની હકીકત જોતા અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરીયાદ આપવામાં આવેલ છે અને ત્યારબાદ તપાસ દરમિયાન અટક કર્યાનો ફરીયાદ પક્ષનો કેસ છે. આરોપીઓને અટક કર્યા બાદ ક્યા આરોપીએ શું રોલ ભજવ્યો તે બાબતની કોઈ હકીકત ફરીયાદીએ જણાવેલ નથી કે આ બાબતે ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદીએ આરોપીઓને કોઈપણ જગ્યાએ પૈસા આપ્યા હોય તેવું બનેલ નથી તેમજ ક્યા આરોપીએ પૈસાની માંગણી કરેલ હોય તે બાબતનો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદની હકીકત મુજબ એક ઈસમે તેની ફેંટમાંથી છરી કાઢેલ, પરંતુ ક્યા ઈસમે છરી કાઢેલ તેને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી તથા ફરીયાદીને હથેળીમાં છરીથી ઈજા થયેલાનું જણાવેલ છે તે બાબતે કોઈ સારવાર કરાવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તમામ પંચો હોસ્ટાઈલ છે, જેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ પંચનામા પુરવાર થતા નથી. ફરીયાદ પક્ષ તરફે આંક – ૩૭ થી ઓળખપરેડનું પંચનામું રજુ કરેલ છે, પરંતુ સદર ઓળખપરેડનું પંચનામું કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ કરવામાં આવેલ નથી. જે ડમી ઈસમોને બોલાવવામાં આવેલ છે તે આરોપીઓની ઉંમરના અને કદ કાઠી ધરાવતા હોય તેવું જણાઈ આવતું ન હોઈ

આરોપીઓની સીધે સીધી ઓળખ થઈ જાય તેવી શક્યતા રહેલી છે. પોલીસ સ્ટેશન તથા મામલતદાર ઓફીસ એકજ કમ્પાઉન્ડમાં આવેલ છે જે હકીકત સદર સાહેદે સ્વીકારેલ છે. તેવા સંજોગોમાં આરોપીઓને જ્યારે લાવવામાં આવે ત્યારે ફરીયાદી પણ ત્યાં હાજર હોય પહેલેથીજ ફરીયાદીએ તમામ આરોપીઓને જોયેલ હોવાનું માની શકાય. આરોપીઓને બુકાની પહેરીને લાવેલ હોય તે બાબતની કોઈ નોંધ પંચનામામાં કરવામાં આવેલ નથી ત્યારે બુકાની વગર લાવ્યાનું માની શકાય. આંક – ૩૭ થી રજુ થયેલ ઓળખપરેડનું પંચનામું જોતા ઓળખાયેલ આરોપીઓના જે નામ લખેલ છે તે જોતા તેના અક્ષરો ઓળખ પરેડના પંચનામાના અન્ય અક્ષરોથી અલગ પડે છે. આમ, ઓળખાયેલ આરોપીઓના નામ પાછળથી લખેલ છે તેવું સ્પષ્ટ જણાય છે તે જોતા એક્ઝી. મેજીસ્ટ્રેટશ્રીએ ઓળખ પરેડનું પંચનામું તપાસ કરનાર અમલદારશ્રીના કહેવા મુજબ પોતાની જાતે તૈયાર કરી દીધેલાનું માની શકાય. જેથી સદર પંચનામાના આધારે આ કામના આરોપીઓને ફરીયાદીએ ઓળખી બતાવેલાનું પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૯.૨) વધુમાં તેઓની દલીલ એવી છે કે, આંક – ૬૦ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદારશ્રીની પુરાવો વંચાણે લેતા આરોપીઓના લોકેશન બાબતે તેઓના સી.ડી.આર. તપાસના કામે મેળવેલ નથી. આમ, જ્યારે કોઈ ત્રાહીત સાહેદો મળી આવતા ન હોય ત્યારે આરોપીઓનું લોકેશન હકીકતમાં બનાવના સ્થળની આજુબાજુ હતું કે કેમ તે હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઈએ તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આરોપીઓના મોબાઈલ ફોન કબજે લીધેલાનું જણાવે છે, પરંતુ આ મોબાઈલ ફોન આરોપીઓની માલિકીના હોવા બાબતે તેમજ સદર મોબાઈલ ફોનમાં નાંખેલ સીમકાર્ડ આરોપીઓના નામનું હોવા બાબતે કોઈ પુરાવો તપાસના કામે મેળવેલાનું જણાઈ આવતું નથી. આમ, તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો જોતા તેઓએ પણ આ ગુનાની તપાસ નિષ્પક્ષ કરેલાનું જણાઈ આવતું નથી. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા ફરીયાદીએ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરેલ છે જે પણ મોડી દાખલ કરેલ છે. ફરીયાદ દાખલ કર્યા બાદ આ કામના આરોપીઓની સદર ગુનાના કામે

ક્યા આધારે સંડોવણી થઈ તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીઓને અટક કર્યા બાદ ક્યા આરોપીએ શું રોલ ભજવ્યો તે બાબતે ફરીયાદીની કોઈ વિશેષ પુરપરછ કરેલ નથી. ફરીયાદીએ તેઓની જુબાનીમાં પણ આ બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. આમ, આ કામના આરોપીઓની સદર ગુનાના કામે સંડોવણી થતી હોવા બાબતે ફરીયાદ પક્ષ તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેથી તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

(૯.૩) સદર કામે આરોપી નં. ૪ તરફે વિ. વકીલશ્રી પી.પી.જંગરાલા આરોપી નં. ૩ ના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલ એડોપ્ટ કરેલ હોવાનું જણાવેલ છે.

(૧૦) સદરહું સેશન્સ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## નિર્ધારણ બિંદુઓ(મુદ્દા)

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગુનાઈત કાવતરૂ રચી, આ કામના ફરીયાદી તા.૨૧/૦૨/૨૦૨૦ ના રોજ પોતાની ગાડી નં. જીજે–૨૪ /એએ–૮૧૩૨ ની લઈ રાધનપુરથી ધીણોજ જવા સારૂ નીકળેલ આ સમયે હારીજ નજીક તમો આરોપી નં. ૨ નાએ ગાડીમાં લીફ્ટ માંગી દિકરો બીમાર હોઈ કંબોઈ કેનાલ ઉપર થોડે સુધી મુકી જવા જણાવી, બાદ અન્ય આરોપીઓએ સ્વીફ્ટ ગાડીમાં આવી ફરીયાદીની ગાડીના આગળ પોતાની ગાડી કરી ગાડી ઉભી રખાવી, ફરીયાદીને છરી વડે ઈજા પહોંચાડી, ફરીયાદીનું તેઓની ગાડી સાથે અપહરણ કરી, ફરીયાદીને ખોટી રીતે ફસાવી પચાસ લાખ રૂપિયાની માંગણી કરી છેલ્લે ચાર લાખમાં પતાવટ કરવાનું નક્કી કરી, ફરીયાદીને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપીઓએ પોતાની ખોટી ઓળખ

આપી, બળજબરીથી પૈસા કઢાવી લેવાની કોશિષ કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ઈ. પી. કોડની કલમ – ૩૬૪(એ), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, ૧૨૦(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુના કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## // ચર્ચાઓ, નિર્ણય તથા તેના કારણો //

**// મુદ્દા નં. ૧ તથા ૨ //**

(૧૨) સદર કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ ગુનાઈત કાવતરૂ રચી, આરોપી નં. ૨ નાએ ફરીયાદીની ગાડીમાં લીફ્ટ માંગી કંબોઈ કેનાલ નજીક દિકરો બીમાર હોઈ થોડે દુર સુધી મુકી દેવા જણાવી, અન્ય આરોપીઓએ બીજી ગાડીમાં આવી ફરીયાદીની ગાડી ઉભી રખાવી, ફરીયાદી સાથે ખોટું બોલી, છરી વડે ઈજા પહોંચાડી, ફરીયાદીનું તેઓની ગાડી સાથે અપહરણ કરી લઈ જઈ, ફરીયાદીને ખોટી રીતે ફસાવી પચાસ લાખની માંગણી કરી તેમજ ચાર લાખમાં પતાવટ કરવાનું નક્કી કરી, ફરીયાદીને સ્વેચ્છાપુર્વક ઈજા પહોંચાડી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપીઓએ પોતાની ખોટી ઓળખ આપી, બળજબરીથી પૈસા કઢાવી લેવાની કોશિષ કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવાનો આક્ષેપ છે.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧, ફરીયાદી પ્રવિણભાઈ સેમાભાઈ ચૌધરીને આંક – ૪૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા

તા.૨૧/૧/૨૦૨૦ ના રોજ બનેલ. બનાવના દિવસે સવારે તેઓ ઘરેથી નીકળી દુકાને ગયેલ અને બપોરે બે વાગ્યા સુધી તેઓના ધંધાનું કામ પતાવી તેઓના ધંધા અર્થે ધીણોજ ગામે જવાનું હોય તેઓની હોન્ડા ગાડી નં. જીજે–૨૪/એએ–૮૧૩૨ ની લઈને ધીણોજ જવા સારૂ એકલા નીકળેલ. તેઓ હારીજથી આગળ સબરી પ્લાઝા પાસે રોડ ઉપર પહોંચતા એક બહેન આરોપી નં. ૨ ત્યાં ઉભેલા હતા અને આરોપી નં. ૨ નાએ હાથ લાંબો કરી કેનાલે જવુ છે તેવુ કહેલ જેથી તેઓએ દયાભાવ રાખી તેઓની ગાડીની પાછળની સીટમાં બેસવાનુ કહી તેઓ ત્યાં ઉતારી દઈશ તેમ કહેલ. તેઓએ કેનાલ આગળ ગાડી ઉભી રાખતા આરોપી બહેને જણાવેલ કે, આરોપી નં. ૨ નો દિકરો બિમાર છે અને કેનાલથી થોડે આગળ ઉતારી આવો જેથી તેઓએ તેઓની ગાડી કેનાલ તરફ વાળી ધીમે ધીમે જતો હતો અને એક કિ.મી. જેટલુ આગળ જતા પાછળથી એક ગ્રે કલરની સ્વીફ્ટ ગાડી આવી તેઓની ગાડી રોકેલ. સ્વીફ્ટ ગાડીમાંથી ત્રણ આરોપીઓ ઉતરેલ અને તેમાંથી એક આરોપીએ ગાડીની ચાવી લઈ લીધેલ અને ફરીયાદીને ગાડીમાંથી બહાર કાઢેલ અને બીજા આરોપીએ તેઓને જણાવેલ કે, તું ખોટા કામ કરે છે તેવી ધાક ધમકી આપી ઝપાઝપી કરેલી તેમાં એક આરોપીએ ફેંટમાંથી છરી કાઢેલ તે છરી ફરીયાદીને હથેળીમાં વાગેલ. ત્યારબાદ બે આરોપીઓ તેઓની ગાડી લઈને આગળ ગયેલ અને માસા ગામથી આગળ નેળીયામાં થઈ હીંગળાજ માતાના મંદિર પાસે તેઓની ગાડી ઉભી રાખેલ અને જે આરોપી બહેન ગાડીમાં બેઠેલ હતા તેમના પતિ આરોપી નં. ૧ નાએ આવીને ફરીયાદીને મારી નાંખવાની ધમકી આપેલ. જેથી ફરીયાદીએ કહેલ કે, તેઓની પાસે પૈસા નથી અને તેઓએ કાઈ ખોટું કામ કરેલ નથી. આરોપીઓ પહેલા તેઓની પાસે પચાસ લાખ રૂપિયાની માંગણી કરેલ અને ફરીયાદીએ કહ્યુ કે આટલા બધા રૂપિયા તેઓની પાસે નથી અને છેલ્લે ચાર લાખ રૂપિયા પહોંચાડવાની વાત કરેલ. ફરીયાદીએ તેઓના સાળા અનિલભાઈને પૈસા માટે ફોન કરેલ જેથી તેઓના સાળાએ કહેલ કે હાલ પૈસાની વ્યવસ્થા થાય તેમ નથી. હાથાજુડી કરી બીજા દિવસે બપોરે બાર વાગ્યા સુધીમાં પૈસા આપવાની વાત ફરીયાદીએ કરેલ. આ સમયે ફરીયાદી અને આરોપી બહેનને ગાડીમાં પાછળની સીટમાં બેસાડી

વિડીયો ઉતારેલ અને જણાવેલ કે ખોટા ધંધા કરો છો તેવુ બોલો જેથી ફરીયાદી ગભરામણમાં અને તેમની ધાકધમકીથી બોલેલ. બાદ ફરીયાદીને સાંજે છએક વાગે ગાડી આપેલ અને તમે જાઓ કાલે પૈસા આપજો તેવુ કહેલ. બાદ ફરીયાદી સાંજે ઘરે ગયેલ અને ગભરાયેલ હોય કોઈને વાત કરેલ નહી. બીજા દિવસે એટલે કે તા.૨૨/૧/૨૦૨૦ ના રોજ તેઓ સવારે દસ વાગે તેઓના મોબાઈલ ઉપર રાજભાનો ફોન આવેલ અને જણાવેલ કે પૈસા મોકલાવો જેથી તેઓ કહેલ સાદપુરાના પાટીયા પાસે ગોપાલ હોટલે આવો તમારા પૈસા મળી જશે, જેથી તેમણે કહેલ કે તુ અત્યારે હાલ ઈડરમાં હવાલો ભરાઈ દે જેથી ફરીયાદીએ કહેલ કે હું ઈડરમાં કોઈને ઓળખતો નથી. ફરીયાદીને સાંજ સુધી પૈસાની સગવડ થયેલ ન હોય હું તેમને પૈસા આપુ તેમ કહી મારે પૈસા આપવા ન હોય તેમ કહી રાખેલ. તે દિવસે સાંજ સુધી રાજભાના તેઓની ઉપર ફોન આવેલ અને જણાવેલ કે પૈસા આપ નહી તો તારા ઘરે આવીને ધમાલ કરીશું અને તારી આબરૂ લેશુ. બીજા દિવસે ફરીયાદીએ તેઓ હારીજ પો.સ્ટે. ગયેલ અને પોલીસને આ બાબતની ફરીયાદ આપેલ જેમાં તેઓની સહી છે જે આંક – ૪૯ થી રજુ થયેલ છે. જે બહેન તેઓની ગાડીમાં બેઠેલ તેમણે વાદળી અને સફેદ કલરની સાડી પહેરેલ હતી અને તેણી ૩૫ વર્ષના આસરાની હતી. ગાડીમાં ત્રણ ઈસમો આવેલા તે ૩૦ થી ૩૫ વર્ષના હતા. તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે જે પૈકી આરોપી નં. ૧, ૨ ને ઓળખી બતાવે છે. તેઓએ ફરીયાદી આપી ત્યારે પોલીસે તેઓને ઓળખપરેડ કરવા તા.૨૬/૧/૨૦૨૦ ના રોજ મામલતદાર ઓફીસે બે વાગ્યા પછી બોલાવેલ જ્યા તેઓએ મામલતદાર સાહેબ રૂબરૂ આરોપીઓને ઓળખી બતાવેલા. પોલીસે તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા બોલાવેલ અને તેઓએ જે જગ્યાએ ફેરવેલ તે તમામ જગ્યા તેઓએ બતાવેલ.

(૧૩.૧) સદર ફરીયાદી તેઓની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, જ્યોત્સનાબેન ગંજબજારમાં આવતા અને તેમની સાથે તેઓની ઓળખાણ થયેલી તેમજ તેઓને જ્યોત્સનાબેન સાથે પાંચ વર્ષથી સંબંધ હતા તેમજ તેઓએ જ્યોત્સનાબેનને

ગંજબજારમાં તેઓની દુકાન પણ બતાવેલ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, જ્યોત્સનાબેનને અવારનવાર ગાડીમાં બેસાડીને ગેસ્ટહાઉસ અને હોટલોમાં લઈ જતો અને તેમની સાથે ખરાબ કામ કરતો હતો તેમજ જ્યોત્સનાબેનને એવુ પણ કહેતા હતા કે તેઓની પત્ની હયાત નથી જેથી તેઓ હું તારી સાથે લગ્ન કરીશ અને ઘર પણ લઈ આપીશ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ બનાવના દિવસે જ્યોત્સનાબેનને ગાડીમાં લઈને જતા પકડાઈ ગયેલ અને મારી ઉપર બીજો કેસ ન થાય તે માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે તેમજ તેઓએ સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે મુજબનો કોઈ બનાવ બનેલ નથી, પરંતુ સોગંદ ઉપર ખોટી હકીકત જણાવે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓને મામલતદાર રૂબરૂ ઓળખપરેડ માટે લઈ ગયેલ નથી કે તેઓએ  કોઈને ઓળખી બતાવેલ નથી.

(૧૩.૨) સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ રાધનપુર ગંજબજારમાં ધંધો કરતા હોય રાધનપુર તાલુકાના આજુબાજુના ગામડાના માણસો મારી દુકાને ખરીદ–વેચાણ માટે આવે તેમજ ધીણોજના કોઈ વેપારી મારે ત્યાં માલ વેચતા ન હતા. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, કોઈ રીટેલમાં ચણા કે અન્ય માલ હોય તો આપતા હતા. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ધીણોજ મુકામે કોઈ વેપારીને માલ આપેલ હોય કે તેઓએ માલ લીધેલ હોય તે બાબતનો કોઈ પુરાવો રજુ કરી શકુ તેમ નથી તેમજ તેઓ ધીણોજ જતા હતા તે હકીકત ખોટી જણાવે છે. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા તેઓ અને તેમના સાળા અનિલભાઈ ગયેલા. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ અને તેમના સાળા ફરીયાદ આપવા ગયા તે પહેલા કઈ રીતે ફરીયાદ આપવી તે બાબતની તેઓના સાળા સાથે ચર્ચા થયેલ. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, માત્ર ફરીયાદ આપવા બાબતની વાતચીત થયેલી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પો.સ્ટે.માં પોલીસ તેઓની હકીકત પેનથી લખતી હતી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, ટાઈપ કરતી હતી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ ફરીયાદ મોડી આપવા બાબતનો ખુલાસો તેઓની ફરીયાદમાં કરેલ નથી. તેઓને પોલીસને ફરીયાદના કામે ફરીયાદ કરી અને પંચનામુ

લખાવ્યુ તેટલી વાર એટલે કે બેજ વાર મળવાનું થયેલ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામુ સબરીમાલા સ્થળનું કરેલ. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, જે જે જગ્યાએ ફર્યા તે બતાવ્યુ અને ત્યારબાદ માસા ગામ પાસે આવીને પંચનામુ કરેલ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પંચનામુ કરવા ગયા ત્યારે તેઓ અને પોલીસવાળા એટલાજ હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બીજા બે ભાઈ પણ હતા. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામુ થયા બાદ પોલીસને તેઓને મળવાનુ થયેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ક્યા આરોપીએ તેઓની સાથે શું કર્યુ તે તેઓએ પોલીસને લખાવેલ નથી તેમજ તેઓને છરી માર્યાની હકીકત તેઓ ખોટી જણાવે છે તેમજ તેઓને વાગ્યુ તે બાબતની તેઓએ કોઈ સારવાર લીધેલ ન હતી.

(૧૩.૩) સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ ગભરાઈ ગયેલ હોય તેઓએ તેમના સાળાને વાત કરેલ અને ત્યારબાદ તેઓના સાળાએ કહેતા ફરીયાદ આપેલ. તેઓ સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓ કોઈને નામજોગ ઓળખતો ન હતો તેમજ આરોપીઓના નામ તેઓને પાછળથી જાણવા મળેલા. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીઓ પકડાયા બાદ તેઓ પાછળથી પો.સ્ટે. ગયેલ.

(૧૩.૪) આમ, સદર ફરીયાદીની જુબાની ધ્યાને લેતા બનાવ ચારેક વર્ષ પહેલા બનેલ તે દિવસે તેઓ બપોરે બે વાગ્યા સુધી ધંધાનું કામ પતાવી તેઓના ધંધા અર્થે ધીણોજ ગામે જવાનું હોઈ તેઓની હોન્ડા ગાડીમાં જવા સારૂ નીકળેલા અને હારીજથી આગળ સબરી પ્લાઝા પાસે રોડ ઉપર પહોંચતા એક બહેન ત્યાં ઉભેલા હતા અને તેમણે હાથ લાંબો કરી કેનાલે જવું છે તેવું કહેતા તેઓએ તેની ઉપર દયાભાવ રાખી ગાડીની પાછળની સીટમાં બેસવાનું કહી ત્યાં ઉતારી દઈશ તેમ કહેલ અને કેનાલ આગળ ગાડી ઉભી રાખતા બહેને જણાવેલ કે, તેઓનો દિકરો બીમાર છે અને કેનાલથી થોડે આગળ ઉતારી જાવો. જેથી તેઓની ગાડી કેનાલ તરફ વાળી ધીમે ધીમે જતા હતા અને એક કિ.મી. જેટલું આગળ જતા પાછળથી એક ગ્રે કલરની સ્વીફ્ટ ગાડી આવેલ અને તેઓની ગાડીને રોકેલ અને સ્વીફટ ગાડીમાંથી ત્રણ જણા

ઉતરેલ અને તેમાંથી એક જણે તેઓની ગાડીની ચાવી લઈ લીધેલ અને તેમને ગાડીમાંથી બહાર કાઢેલ અને બીજાએ જણાવેલ કે, તું ખોટા કામ કરે છે તેવી ધાક ધમકી આપી ઝપાઝપી કરેલી અને એક ભાઈએ ફેંટમાંથી છરી કાઢેલી તે છરી હથેળીમાં વાગેલ. ત્યારબાદ એક ભાઈ સ્વીફ્ટ ગાડી લઈ જતા રહેલ અને બે ભાઈઓ તેઓની ગાડી લઈને આગળ ગયેલ અને પાટણ સાઈડે ગાડી હંકારી ત્યાંથી થોડે દુર જતા માસા ગામ આવેલ ત્યાંથી નેળીયામાં થઈ હીંગળાજ માતાના મંદિર પાસે ગાડી ઉભી રાખેલ અને જે બહેન ગાડીમાં બેઠેલ હતા તેના પતિએ આવીને મારી નાંખવાની ધમકી આપેલ. જેથી તેઓએ કહેલ કે, તેની પાસે પૈસા નથી અને તેઓએ કોઈ ખોટું કામ કરેલ નથી અને આ લોકોએ તેની પાસે પચાસ લાખ રૂપિયાની માંગણી કરેલ અને તેઓએ કહેલ કે, આટલા બધા રૂપિયા તેઓની પાસે નથી. જેથી છેલ્લે ચાર લાખ પહોંચાડવાની વાત કરેલી. જેથી તેના સાળા અનીલભાઈને પૈસા માટે ફોન કરેલ અને તેઓના સાળાએ હાલ પૈસાની વ્યવસ્થા નથી તેમ જણાવેલ. જેથી બીજા દિવસે બપોરે બાર વાગ્યા સુધીમાં પૈસા આપવાની વાત કરેલી તે સમયે તેણે અને બહેનને ગાડીમાં પાછળની સીટમાં બેસાડી વીડીઓ ઉતારેલ અને જણાવેલ કે, ખોટો ધંધા કરો છો તેવું બોલો. જેથી તે ગભરામણમાં અને તેમની ધાકધમકીથી બોલેલ અને ત્યારબાદ સાંજે છએક વાગે ગાડી આપેલ અને કાલે પૈસા આપજો તેવું કહેલ. ત્યારબાદ બીજા દિવસે તેઓ દુકાને ગયેલ ત્યારે સવારના દસ વાગે તેઓના મોબાઈલ ઉપર રાજભાનો ફોન આવેલ અને જણાવેલ કે, પૈસા મોકલાવો. જેથી તેઓએ કહેલ કે, સાદપુરાના પાટીયા પાસે ગોપાલ હોટેલે આવો તમારા પૈસા મળી જશે. જેથી તેમણે કહેલ કે, તું અત્યારે હાલ ઈડરમાં હવાલો ભરાવી દે. જેથી તેણે કહેલ કે, તે ઈડરમાં કોઈને ઓળખતા નથી અને ત્યારબાદ સાંજ સુધી રાજભાના તેઓના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે, પૈસા આપ નહીં તો તારા ઘરે આવીને ધમાલ કરીશું અને તારી આબરૂ લઈશું. બીજા દિવસે તેઓએ તેમના સાળા અનીલભાઈને બનાવની હકીકતની જાણ કરેલ અને શું કરવું છે તે અંગે સલાહ લીધેલ તો સાળાએ કહેલ કે, હારીજ જઈને પોલીસ સ્ટેશને ફરીયાદ આપી દઈએ. આવા પૈસા ભરાય નહીં. જેથી તેઓ હારીજ પોલીસ સ્ટેશન ગયેલ અને પોલીસને

આ બાબતે ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક – ૪૯ થી સદર સાહેદની જુબાનીમાં રજુ થયેલ છે. ગાડીમાં આવેલ ઈસમો ત્રીસથી પાંત્રીસ વર્ષના હોવાનું અને તેઓની ગાડીમાં બેસેલ બેન પાંત્રીસ વર્ષના આશરાની હોવાનું જણાવે છે અને કોર્ટમાં બહેન અને ભાઈ હાજર હોય તેમને ઓળખી બતાવે છે. જેમાં ભાઈનું નામ યાદ ન હોવાનું જણાવે છે અને બહેનનું નામ જ્યોત્સનાબેન હોવાનું જણાવી તેઓ ગાડીમાં હતા તેજ છે અને બહેનના પતિ માસા ગામે મળેલા તેજ હોવાનું જણાવે છે. વધુમાં તેઓને ફરીયાદ આપ્યા બાદ ઓળખ પરેડ કરવા સારૂ તા.૨૬/૦૧/૨૦૨૦ ના રોજ મામલતદાર ઓફીસે બોલાવેલ ત્યાં મામલતદાર સાહેબ રૂબરૂ આરોપીઓને ઓળખી બતાવેલ અને તેઓએ તેઓને જે જે જગ્યાએ ફેરવેલ તે તમામ જગ્યાઓ પોલીસને બતાવેલાનું જણાવે છે.

(૧૩.૫) સદર ફરીયાદી બચાવ પક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં જ્યોત્સનાબેન ગંજ બજારમાં આવતા અને તેમની સાથે ઓળખાણ થયેલ હોવાનું અને જ્યોત્સનાબેન સાથે પાંચ વર્ષથી સંબંધ હોવાનું અને જ્યોત્સનાબેનને અવારનવાર ગાડીમાં બેસાડીને ગેસ્ટહાઉસ અને હોટલોમાં લઈ જતો અને તેમની સાથે ખરાબ કામ કરતા હોવાનું અને જ્યોત્સનાબેનને એવું પણ કહેતા કે, તેઓની પત્ની હયાત નથી જેથી તેણીની સાથે લગ્ન કરશે અને ઘર લઈ આપશે અને બનાવના દિવસે જ્યોત્સનાબેનને ગાડીમાં લઈને જતા પકડાઈ ગયેલ અને તેઓની ઉપર બીજો કેસ ન થાય તે માટે હાલની ખોટી ફરીયાદ કરેલ હોવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા સારૂ તેઓ અને તેમના સાળા અનિલભાઈ ગયેલા. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ક્યા આરોપીએ તેની સાથે શું કર્યું તે પોલીસ સ્ટેશનમાં લખાવેલ નથી. વધુમાં એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓને છરી માર્યાની હકીકત ખોટી જણાવેલ છે અને તેઓને વાગ્યું તે બાબતની કોઈ સારવાર લીધેલ ન હતી. જ્યારે એ હકીકતનો તેઓએ સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ કોઈને નામજોગ ઓળખતા ન હતા. આરોપીઓના નામ તેઓને પાછળથી જાણવા મળેલ.

(૧૪) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧, પંચ સાહેદ પ્રવિણભાઈ કમાભાઈ ચૌધરીને આંક – ૧૮ થી તથા સાહેદ નં. ૨, પંચ સાહેદ દશરથભાઈ નરસંગભાઈ ઠાકોરને આંક – ૨૦ થી તપાસવામાં આવેલ છે. સદર બંને સાહેદો તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ ફરીયાદીના ત્યાં તેઓ નોકરી કરતા હતા. તેઓને એક બનાવ બનેલ હોઈ તેઓએ ફરીયાદ આપતા તેઓ ફરીયાદીની સાથે હારીજ પોલીસ સ્ટેશન ગયેલ. તેઓની હાજરીમાં ફરીયાદી પ્રવિણભાઈએ કોઈ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય તથા બનાવ અંગેની વાતચીત કરેલ હોય અને ગુનાવાળી જગ્યાનું પંચનામું લખી લેવામાં આવેલ હોય તેવું બનેલ નથી. સદર પંચ સાહેદો આંક – ૧૯ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે. સદર બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેઓને ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે.

(૧૫) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ પંચ સાહેદ ગોપાળસિંહ ભુપતસિંહ ઠાકોરને આંક – ૨૬ તથા સાહેદ નં. ૪ પંચ સાહેદ રાવળ દિપક રાજુભાઈને આંક – ૩૧ થી તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદો આંક – ૨૭ ના આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદો તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ પાટણ મુકામે એલ.સી.બી. ઓફીસના પો. કોન્સ. તેઓની પાસે આવેલ અને કેટલાક કાગળોમાં તેઓની સહી કરાવેલ. તેઓ એલ.સી.બી. પોલીસ સ્ટેશનમાં હાજર હોય અને પોલીસે કેટલાક શકદારોને પકડેલ હોય અને તે ઈસમોએ કેટલીક હકીકત જણાવેલ અને કેટલીક વસ્તુ રજુ કરેલ અને તે કબજે કરવા અંગેનું પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧, ૨, ૪ મોબાઈલ તેઓની રૂબરૂમાં કબજે લેવામાં આવેલ હોય તેવું બનેલ નથી. મુદ્દામાલ આર્ટીકલમાંથી નીકળેલ પંચ સ્લીપો આંક – ૨૮ થી આંક – ૩૦ માં સહી ઓળખી બતાવે છે. સદર બંને સાહેદો આંક – ૨૭ ના પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી અને તેઓને ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલ જાહેર કર્યા બાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદ

પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. આ બંને સાહેદોની જુબાનીથી આંક – ૨૭ ના પંચનામાની હકીકત સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી.

(૧૬) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ પંચ સાહેદ ભલાજી ખેંગારજી ઠાકોરને આંક – ૩૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬/૦૧/૨૦૨૦ ના રોજ તેઓ હારીજ મુકામે કામધંધે ગયેલા અને પોલીસે તેઓને ઉભા રખાવી કેટલાક કાગળોમાં સહી કરાવેલ. પોલીસના બોલાવવાથી તેઓ મામલતદાર કચેરીમાં ગયેલ હોય અને એક સાક્ષીએ હાલના ગુનાના ચાર આરોપીઓને ઓળખી બતાવેલ અને તે અંગેની ઓળખસ્થિતિનું પંચનામું કરી લેવાામાં આવેલ હોય તેવું બનેલ નહીં હોવાનું જણાવે છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી અને તેઓને ફરીયાદ પક્ષ દ્બારા ફરી ગયેલ જાહેર કરી વિ.એ.પી.પી. શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરતા નથી.

(૧૭) ફરીયાદ પક્ષની આંક – ૩૬ ની ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૨૯૧(એ) અન્વયે પંચનામાને આંક પાડવાની અરજી લગત હુકમ કરી ઓળખ પરેડના પંચનામાને આંક – ૩૭ થી પુરાવામાં દાખલ કરવામાં આવેલ હોઈ, સદર પંચનામું કરનારની ઉલટતપાસ માટે સાહેદ નં. ૬, નારાયણભાઈ સોનાભાઈ ડીયાને આંક – ૪૧ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમરભાઈ ડુંગરભાઈ વાલ્મીકી કાયમી કર્મચારી ન હતા. તેઓ ઈન્કાર કરે છે કે, જે સમયે આરોપીઓને ઓળખ પરેડ માટે લાવવામાં આવેલ ત્યારે ચેમ્બરમાં પોલીસ કર્મચારીઓ અને તેઓનો સ્ટાફ હાજર હતો તેમજ આંક–૩૭ વાળા ઓળખ પરેડના પંચનામામાં પેજ નં. ૫ ઉપર આરોપીઓએ અને ત્યારબાદની વચ્ચે "પૈકી આરોપી નં. ૩ અને ૪ નાઓએ પહેરેલ સ્વેટર (જાકીટ) કાઢી નાંખેલ છે ક્રમ નં.૧ અને ૨ નાઓએ પહેરવેશમાં ફેરફાર કરેલ

નથી" તે વાક્ય પાછળથી ઉમેરો કરેલ છે. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, તેજ સમયે લખવાનું રહી જતા તેજ સમયે લખેલ છે. તેઓ સ્વીકાર કરે છે કે, બનાવ તા.૨૧/૧/૨૦૨૦ ના રોજ બનેલ છે અને ઓળખપરેડનું પંચનામુ તા.૨૬/૧/૨૦૨૦ ના રોજ થયેલ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આંક-૩૭ માં જણાવ્યા મુજબની કોઈ ઓળખ પરેડની કાર્યવાહી મે કરેલ નથી.

(૧૭.૧) વધુમાં ઓળખપરેડનું પંચનામુ કર્યુ તે સમયે તેઓ સરસ્વતી મામલતદાર ઓફીસમાં રેગ્યુલર મામલતદાર તરીકે ફરજ બજાવતો હતો અને હારીજના મામલતદાર રજા ઉપર જતા તેમનો ચાર્જ તેઓને આપવામાં આવેલ. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જે સમયે ઓળખપરેડનું પંચનામુ કર્યુ તે સમયે મામલતદાર ઓફીસના કમ્પાઉન્ડમાં ઈ-ધરાની ઓફીસ, પોલીસ સ્ટેશન આવેલાનું ખબર છે, પરંતુ તેઓ ચાર્જમાં હોય જજ સાહેબનો બંગ્લોઝ તથા પોલીસના કવાટર્સ આવેલા છે કે કેમ તેની તેઓને ખબર નથી. તેઓ સ્વીકાર કરે છે કે, ઈન્ચાર્જમાં હોવા અંગેનો લેખિત હુકમ થાય તેમજ આ ઈન્ચાર્જનો લેખિત હુકમ તેઓએ પોલીસને આપેલ નથી. સદર સાહેદ સ્વીકાર કરે છે કે, આ મામલદાર ઓફીસના કમ્પાઉન્ડમાં બીજી કચેરીઓ આવેલ હોવાથી લોકોની અવરજવર રહે છે તેમજ પંચનામુ તેઓના હસ્તાક્ષરમાં લખાયેલ નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ તેમના સ્ટાફને લખાવેલ. તેઓ સ્વીકાર કરે છે કે, પંચનામુ શરૂ થયુ તે સમયે પોલીસ સ્ટાફ કચેરીમાં હાજર હતો. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસ જે આરોપીઓને લઈને આવેલ તે કચેરીમાં હાજર હતી, પરંતુ ચેમ્બરમાં ન હતી. તેઓ સ્વીકાર કરે છે કે, પોલીસ ચેમ્બરમાં હતી અને તેમને બહાર કાઢેલ. તેઓ સ્વીકાર કરે છે કે, આરોપીઓને લઈને આવેલ તે સમયે તેઓ તેમની ચેમ્બરમાં હતો. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મામલતદારની બિલ્ડીંગમાં આરોપી પહેલા આવ્યા, પંચો પહેલા આવ્યા કે ફરીયાદી પહેલા આવ્યા તે તેઓ કહી શકે નહીં તેમજ મામલતદાર ઓફીસમાં જવા-આવવા માટે એકજ સીડી છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કોઈ વ્યક્તિ ઉપર ચડે કે નીચે ઉતરે અને સામસામે મળે તો એકબીજાને જોઈ શકે. તેઓ એ

હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓને બુકાની પહેરીને લાવેલ હોય તેની નોંધ પંચનામામાં કરેલ નથી અને તેઓએ ખાતરી કરેલ નથી. તેઓને એ વાતની ખબર નથી કે, આરોપીઓને બાજુમાં આવેલ પો.સ્ટે. થી ચાલતા મામલતદાર ઓફીસમાં લાવેલા કે કેમ. પંચોને બોલાવવા માટે તેઓના સેવક અમરભાઈ ડુંગરભાઈ વાલ્મીકી ગયેલા. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ પંચોને, ફરીયાદીને કે આરોપીઓને ઓળખતા ન હતા તેમજ આરોપીઓને લઈને આવ્યા ત્યારે ફરીયાદી દરવાજા ઉપર હતા કે નહી તે બાબતે તેઓએ ખાતરી કરેલ નહીં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક–૩૭ ના પેજ નં. ૫ ઉપર 'પૈકી આરોપી નં. ૩ અને ૪ નાઓએ પહેરેલ સ્વેટર(જાકીટ) કાઢી નાંખેલ છે ક્રમ નં. ૧ અને ૨ નાઓએ પહેરવેશમાં ફેરફાર કરેલ નથી' ના અક્ષરો અન્ય અક્ષરોથી સાઈઝમાં અલગ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તે વાક્ય પાછળથી ઉમેરો કરેલ હોવાથી સાઈઝમાં અલગ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આંક – ૩૭ ના ઓળખપરેડના પંચનામાના પેજ નં. ૭ ઉપર જે ઓળખાયેલ આરોપીઓના નામ લખેલ છે તેના અક્ષરો અલગ છે તેમજ આ નામ પાછળથી લખેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ઓળખ પરેડમાં આરોપીઓની ઉંમરના અને સરખી કદકાઠી ધરાવતા ઈસમોને લાવવા પડે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ જે ડમી ઈસમો લાવેલા તે સરખી ઉંમરના નથી તેમજ પંચનામુ તેઓએ લખાવેલ છે તેમજ તેમાં પંચોની સહી કરાવેલી.

(૧૮) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૮, પી.એસ.ઓ. ભરતસિંહ જસવંતસિંહ ઠાકોરને આંક – ૫૪ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૨૩/૧/૨૦૨૦ ના રોજ હારીજ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હાજર હતા. ચૌધરી પ્રવિણભાઈ સેમાભાઈ રહે. રાધનપુરવાળાએ ફરીયાદ હકીકત જાહેર કરતા તેમના લખાવ્યા મુજબની ફરીયાદ હકીકત લખી લીધેલ. આંક – ૪૯ વાળી ફરીયાદમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે તેઓની સહે છે. સદર ફરીયાદ હારીજ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૧૭૦૦૯૨૦૦૦૩૬/૨૦૨૦ ઈ. પી. કો. કલમ–

૩૬૪(એ), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમથી પી.એસ.આઈ. એ.બી.ભટ્ટને મોકલી આપેલ. જે ડેપ્યુટ હુકમમાં તેઓની સહી છે જે આંક – ૫૫ થી રજુ થયેલ છે.

(૧૮.૧) સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ ફરીયાદ લીધા બાદ ગુનો દાખલ કરેલ તે સિવાય તપાસની કોઈ કામગીરી કરેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આવો કોઈ ગુનો બનેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ લીધેલ છે.

(૧૯) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૯ તપાસ કરનાર અધિકારી, આશીષકુમાર બિપીનચંદ્ર ભટ્ટને આંક – ૬૦ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૩/૧/૨૦૨૦ ના રોજ હારીજ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતો ત્યારે હારીજ પો.સ્ટે.ના પી.એસ.ઓ.એ તેઓને ડેપ્યુટ હુકમથી સદર ગુનાની તપાસના કાગળો સોંપેલા. આ કાગળો તેઓએ સંભાળી લઈ સદર ગુનાની આગળની તપાસ તેઓએ સંભાળી લીધેલ. તેઓએ તપાસના કામે ગુનાવાળી જગ્યાએ જઈ આંક – ૧૯ નું ગુનાવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામુ કરેલ, જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. એલ.સી.બી. પોલીસ, પાટણે સદર ગુનાના ચાર આરોપીઓને પકડીને તેઓને સુપરત કરેલા. બાદ આરોપીઓને અટક કરી કોર્ટમાં રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરેલ અને આરોપીઓની ઓળખપરેડની કાર્યવાહી કરેલ. આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો પડતો હોય કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીઓને જોયેથી ઓળખે છે જે પૈકી આરોપી નં. ૩ ભરતસિંહ શીવુભાને કોર્ટમાં ઓળખી બતાવે છે.

(૧૯.૧) સદર સાહેદ તેઓની બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ગુનાના કામે કોઈ સ્વતંત્ર સાહેદો મળી આવેલ નહી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ગુનાવાળી જગ્યાનું

પંચનામુ પો.સ્ટે.માં બેસીને તૈયાર કરેલ અને તેમાં પાછળથી પંચોની સહીઓ લીધેલી તેમજ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓના લોકેશન બાબતે તેઓના સીડીઆર તપાસના કામે મેળવેલ નથી તેમજ તપાસના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલમાં ગુનાને લગતો કોઈ વિડીયો મળી આવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વિડીયો હતો તે ડીલીટ કરી નાંખેલ છે. તેઓ સ્વીકાર કરે છે કે, મોબાઈલ નંબર ૭૦૯૬૮ ૩૪૦૩૮ તથા ૯૯૦૯૯ ૩૪૦૭૩ ના કોની માલિકીના હતા તે બાબતે તપાસ કરેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીઓની ઓળખપરેડ કરાવેલ ત્યારે પોલીસ મામલતદાર ઓફીસમાં હાજર હતી તેમજ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૯.૨) આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ બનાવ સમયે હારીજ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ.એ ડેપ્યુટ હુકમથી સદર ગુનાની તપાસના કાગળો તેઓને સોંપેલા. તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. ત્યારબાદ એલ.સી.બી. પોલીસ પાટણનાઓએ સદર ગુનાના ચાર આરોપીઓને પકડીને તેઓને સુપરત કરેલા. ત્યારબાદ આરોપીઓને અટક કરી રીમાન્ડ મેળવવા તજવીજ કરેલ અને આરોપીઓની ઓળખપરેડની કાર્યવાહી કરેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો પડતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. બચાવ પક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદન લીધેલ ન હોવાનું સ્વીકારેલ છે. જ્યારે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ગુનાના કામે કોઈ સ્વતંત્ર સાહેદો મળી આવેલ નહીં. વધુમાં આરોપીઓના લોકેશન બાબતે તેઓના સી.ડી.આર. તપાસના કામે મેળવેલ ન હોવાનું તથા તપાસના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલમાં ગુનાને લગતો કોઈ વિડીઓ મળી આવેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વીડીઓ હતો તે ડીલીટ કરી નાંખેલ છે. વધુમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મોબાઈલ નં.

૭૦૯૬૮૩૪૦૩૮ તથા ૯૯૦૯૯૩૪૦૭૩ કોની માલિકીના હતા તે બાબતે તપાસ કરેલ નથી.

(૨૦) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૦ તપાસ કરનાર અધિકારી, શૈલેષકુમાર રામજીભાઈ સોલંકીને આંક – ૬૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ તેઓ, હેડ કોન્સ્ટેબલ સુમનભાઈ જ્યંતિભાઈ, હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ સુરાજી, પો.કો. નવાજશરીફ ગુલામરસુલ તથા પો.કો. જીતેન્દ્રકુમાર ગોવિંદલાલ એ રીતેના પાટણ એલ.સી.બી. શાખામાં હાજર હતા. દરમ્યાન હારીજ પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૩૬/૨૦૨૦, ઈ. પી. કો. કલમ–૩૬૪(એ) વિગેરેનો ગુનો વણશોધાયેલ હોય જે શોધી કાઢવા સારૂ ઉપરી અધિકારીશ્રીની સુચના હોય તે દરમ્યાન સંયુક્ત રીતે તેઓ પોલીસ સ્ટાફને હકીકત મળેલ કે, ઠાકોર કનુજી ચમનજી, જ્યોત્સનાબેન રહે. માસા, તા. હારીજ તથા અન્ય ઈસમો આ ગુનાના કામે સંડોવાયેલ છે. આ હકીકત આધારે ઠાકોર કનુજીના ઘરે જતા ઉપરોક્ત બંને ઈસમો ઘરે હાજર મળી આવતા બંનેને પાટણ એલ.સી.બી. ઓફીસ લાવી પાટણ સીટી બી ડીવીઝન પો.સ્ટે.થી વુમન પો.કો. ગીતાબેનને બોલાવી બંને ઈસમોની પુછપરછ કરેલ અને તેઓ ગુનાની કબુલાત કરેલ. ગુનાના કામે ભરતસિંહ શીવુભા, મુળ રહે. થરા, હાલ રહે. સુરમ્ય રેસીડન્સી, હાંસાપુર તથા ભીખાજી પોપટજી, મુળ રહે. વામૈયા, હાલ રહે. સુરમ્ય રેસીડન્સીવાળાઓ ગુનાના કામે ભેગા હોય તે હકીકત જણાવતા આરોપીઓની તપાસ કરતા પાટણ ખાતેથી મળી આવેલ જેઓને એલ.સી.બી. ઓફીસ લાવી પુછપરછ કરતા તેઓ ગુનાની કબુલાત કરતા હોય પંચો રૂબરૂ અંગજડતી કરતા તમામ પાસેથી મોબાઈલ મળી આવેલ તેમજ ગુનાના કામે વપરાયેલ સ્વીફ્ટ ગાડી નં. જીજે–૨/સીજી–૨૬૬૧ મળી આવેલ જે પંચનામાની વિગતે કબજે કરેલ. ઉપરોક્ત તમામ ઈસમોને સી.આર.પી.સી. કલમ – ૪૧(૧)(ડી) મુજબ અટક કરી હારીજ પો.સ્ટે. તપાસ થવા સારૂ મોકલી આપવા પાટણ સીટી બી ડીવીઝન પો.સ્ટે. મોકલી આપેલ. આંક – ૨૭ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે

તેઓની સહી છે. મુ.આ.નં. ૧, ૨ અને ૪ વાળા મોબાઈલો જોઈ પંચનામાની વિગતે આરોપીઓની અંગજડતી દરમ્યાન પંચો રૂબરૂ કબજે લીધેલ તેજ હોવાનું ઓળખી બતાવે છે. આરોપીઓ પૈકી આરોપી જ્યોત્સનાબેનને તેઓ જોયેથી ઓળખે છે. આ સિવાયના આરોપીઓને ઘણો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહીં.

(૨૦.૧) સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચનામુ તેઓએ કોમ્પ્યુટરમાં તૈયાર કરી કોપી કાઢેલ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓએ પંચોની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તેમજ તેઓએ આવા કોઈ મોબાઈલો પંચનામાની વિગતે કબજે લીધેલ નથી તેમજ પુરાવો ન હોવા છતા આરોપીઓને ખોટી રીતે અટક કરવામાં આવેલ છે.

(૨૦.૨) વધુમાં સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવના બે મહિના પહેલા એલ.સી.બી. શાખામાં ફરજ બજાવતા હતા. બાતમી કેટલા વાગે મળી તે ચોક્કસ સમય ખબર નથી, પરંતુ સવારે મળેલ. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ ગીતાંજલી છાપરા વિસ્તાર જોયેલ છે જે પો.સ્ટે.ની બાજુમાં આવેલ છે તેમજ પંચો અવારનવાર પંચનામામાં સહીઓ કરે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓએ પંચનામુ તૈયાર કરી પાછળથી તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલી તેમજ જે આરોપીઓને અટક કરેલ તેઓને શંકમદ તરીકે પુછપરછ માટે લાવેલા.

(૨૦.૩) આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ એલ.સી.બી. શાખામાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૩૬/૨૦૨૦, ઈ. પી. કોડની કલમ – ૩૬૪(એ) વિગેરે મુજબનો ગુનો વણશોધાયેલ હોઈ જે શોધી કાઢવા ઉપરી અધિકારીની સુચના હોઈ તે દરમિયાન સંયુક્ત રીતે પોલીસ સ્ટાફને હકીકત મળેલ કે, ઠાકોર કનુજી ચમનજી તથા તેમની પત્ની જ્યોત્સનાબેન તથા અન્ય ઈસમો આ ગુનાના કામે સંડોવાયેલ છે તે હકીકતના આધારે તેઓના ઘરે જતા બંને ઈસમો હાજર મળી આવતા પાટણ એલ.સી.બી. ઓફીસ લાવી

બંને ઈસમોની પુછપરછ કરેલ અને તેઓ બંને ગુનાની કબુલાત કરતા હોઈ ગુનાના કામે ભરતસિંહ શીવુભા તથા ભીખાજી પોપટજી પણ આ ગુનાના કામે ભેગા હોઈ તે હકીકત જણાવતા આ બંને ઈસમોની તપાસ કરતા પાટણ ખાતેથી મળી આવેલ. જેઓને એલ.સી.બી. ઓફીસ લાવી પુછપરછ કરતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ, પંચો રૂબરૂ અંગઝડતી કરતા તમામ પાસેથી મોબાઈલ મળી આવેલ તેમજ ગુનાના કામે વપરાયેલ સ્વીફ્ટ ગાડી નં. જીજે–૨/સીજી–૨૬૬૧ ની મળી આવેલ જે પંચનામાની વિગતે કબજે કરેલ તેમજ તમામ ઈસમોને ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૪૧(૧)(ડી) મુજબ અટક કરી હારીજ પોલીસ સ્ટેશન તપાસ સારૂ મોકલી આપેલ. સદર સાહેદને આંક – ૨૭ નું પંચનામું બતાવતા પંચોની તથા તેઓની સહી ઓળખી બતાવે છે તેમજ કબજે લીધેલ મુદ્ધામાલ મોબાઈલ બતાવતા ઓળખી બતાવે છે. આરોપીઓ પૈકી આરોપી જ્યોત્સનાબેનને જોયેથી ઓળખે છે તે સિવાય આરોપીઓને ઘણો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવે છે. બચાવ પક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં તેઓએ પંચનામું તૈયાર કરી પાછળથી તૈયાર પંચનામામાં પંચોની સહી લીધેલ હોવાનું તથા જે આરોપીઓને અટક કરેલ તેઓને શકમંદ તરીકે પુછપરછ માટે લાવેલાનો ઈન્કાર કરેલ છે.

(૨૧) સદર કામે ફરીયાદ પક્ષનો ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તમામ આરોપીઓએ ગુનાઈત કાવતરૂ રચી જેમાં ગુનાઈત કાવતરાના ભાગરૂપે આરોપી નં. ૨ નાએ ગાડીમાં લીફ્ટ માંગી અને તે ગાડીમાં બેસી કેનાલ પાસે લઈ આવી અને ત્યાં અન્ય આરોપીઓએ આવી ફરીયાદીનું તેની ગાડી સાથે અપહરણ કરી લઈ જઈ, ફરીયાદીને ખોટી રીતે ફસાવી પચાસ લાખ રૂપિયાની માંગણી કરી અને છેલ્લે રૂપિયા ચાર લાખમાં પતાવટ કરવાનું નક્કી કરી ફરીયાદીને સ્વેચ્છાપુર્વક ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી, બળજબરીથી પૈસા કઢાવવાની કોશિષ કરી ગુનો કર્યાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

(૨૨) સદર કામે ફરીયાદની હકીકત વંચાણે લેવામાં આવે તો ફરીયાદીએ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરીયાદ આપેલ છે. જે ફરીયાદ તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ આપેલ છે. સદર ફરીયાદમાં ફરીયાદીને ઝપાઝપીમાં છરી હાથની હથેળીમાં વાગેલાનું દર્શાવેલ છે. છરી વાગ્યા બાબતે ફરીયાદીએ કોઈ સારવાર કરાવેલ હોય તેવું ફરીયાદની હકીકત ઉપરથી ફલિત થતું નથી, પરંતુ ઉલટતપાસમાં ફરીયાદીને વાગ્યું તે બાબતની કોઈ સારવાર લીધેલ ન હોવાનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે. આમ, ઉલટતપાસ મુજબ ફરીયાદીએ સારવાર કરાવેલાનું માની શકાય, પરંતુ તે બાબતના કોઈ પેપર્સ સદર કામે રજુ કરવામાં આવેલ નથી. ક્યા કારણસર પેપર્સ મેળવેલ નથી તે બાબતે તપાસ કરનાર અમલદારશ્રીએ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ બીજાજ દિવસે એટલે કે તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ આરોપીઓની ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૪૧(૧)(ડી) મુજબ અટક કરી હારીજ પોલીસ સ્ટેશને તપાસ થવા સારૂ મોકલી આપવામાં આવેલ છે. જે અંગે આંક – ૬૮ થી એ.એસ.આઈ. શૈલેષકુમાર રામજીભાઈ સોલંકીનાઓએ પુરાવો આપેલ છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ આરોપીઓ પાસેથી અંગઝડતી દરમિયાન મોબાઈલ મળી આવતા ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે. ફરીયાદીએ ફરીયાદમાં સ્પષ્ટ જણાવેલ છે કે, " થોડીવાર પછી આ બેનને લઈ ગાડીમાં મારી સાથે પાછળની સીટમાં બેસાડેલ અને મને કહેલ કે, અમો જેમ કહીએ તેમ તું બોલ તેમ કહી મારી પાસે આ બેનને બેસાડી તેના મોઢા ઉપર સાડી ઓઢાડી મને કહેલ કે, તું બોલ કે મે નાગાઈનો ધંધો કર્યો છે. જેથી હું આ લોકોએ કહેલ તેમ બોલતો હતો ત્યારે આ લોકોએ મોબાઈલમાં મારો વીડીઓ બનાવેલ. " વધુમાં ફરીયાદી તેઓની જુબાનીમાં પણ સ્પષ્ટ જણાવેલ છે કે, ફરીયાદી અને બહેનને ગાડીમાં પાછળની સીટમાં બેસાડી વીડીઓ ઉતારેલ અને જણાવેલ કે ખોટા ધંધા કરો છો તેવું બોલો. જેથી તે ગભરામણમાં અને તેમની ધાકધમકીથી બોલેલ. આમ, ફરીયાદની હકીકત તથા ફરીયાદીની જુબાનીની હકીકત ધ્યાને લેતા આરોપીઓએ તેઓના મોબાઈલમાં ફરીયાદી અને આરોપી જ્યોત્સનાબેનને પાછળની સીટમાં બેસાડીને વીડીઓ ઉતારેલ હોવાનું ફલિત થાય છે. તપાસ દરમિયાન

આરોપી નં. ૧ કનુજી ચમનજી પાસેથી એક મોબાઈલ, આરોપી નં. ૨ જ્યોત્સનાબેન વા/ઓ. કનુજી ચમનજી પાસેથી બે મોબાઈલ, આરોપી નં. ૩ ભરતસિંહ શીવુભા વાઘેલા પાસેથી બે મોબાઈલ તથા આરોપી નં. ૪ ભીખાજી પોપટજી પાસેથી એક મોબાઈલ મળી આવેલ છે. આમ, કુલ ૬(છ) મોબાઈલ આરોપીઓ પાસેથી અંગઝડતી દરમિયાન કબજે લેવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારશ્રીએ ઉલટતપાસમાં જણાવ્યા મુજબ વીડીઓ હતો તે ડીલીટ કરી નાંખેલ છે, પરંતુ કબજે લેવામાં આવેલ મોબાઈલને ઓપન કરીને જોવામાં આવેલ હોય અને તેમાં વીડીઓ છે કે નહીં તે બાબતે તપાસ કરવામાં આવેલ હોય તે અંગે કોઈ પંચનામું કરવામાં આવેલ નથી. વધુમાં સદરહું મોબાઈલમાં વીડીઓ છે કે નહીં તેની ખાતરી તપાસ કરવા સારૂ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ કરવા સારૂ પણ મોકલી આપવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારશ્રીએ કબજે લેવામાં આવેલ મોબાઈલમાં વીડીઓ છે કે નહીં તે બાબતે કોઈ તપાસ કરેલ ન હોવાનું જણાય છે અને તપાસમાં તે બાબતે બેદરકારી દાખવેલાનું સ્પષ્ટ થાય છે. વધુમાં જે મોબાઈલ કબજે લેવામાં આવેલ છે તે મોબાઈલ આરોપીઓની માલિકીના છે કે અન્ય કોઈની માલિકીના છે તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવવા તપાસ કરનાર અમલદારશ્રી તરફે પ્રયત્ન કરવામાં આવેલાનું જણાતું નથી તેમજ સદર મોબાઈલમાં મળી આવેલ સીમકાર્ડ કોના નામના છે તે બાબતે પણ તપાસ કરનાર અમલદારશ્રીએ કોઈ તપાસ કરેલ નથી. વધુમાં સદર સીમકાર્ડના આધારે આરોપીઓના લોકેશન બાબતે સી.ડી.આર. મેળવવા પણ તપાસ કરનાર અમલદારશ્રીએ કોઈ તજવીજ કરેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસમાં ગંભીર બેદરકારી રાખેલાનું જણાય છે.

(૨૩) ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓને અટક કર્યા બાદ તા.૨૬/૦૧/૨૦૨૦ ના રોજ એક્ઝી. મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ ઓળખ પરેડનું પંચનામું કરાવવામાં આવેલ છે જે પંચનામું આંક – ૩૭ થી રજુ થયેલ છે. સદર ઓળખ પરેડનું પંચનામું વંચાણે લેવામાં આવે તો સદર પંચનામામાં

પંચનામાના પેજ નં. ૫, ૭ ઉપર કેટલીક જગ્યાએ નાના અક્ષરે લખેલ છે. જેમાં પેજ નં. ૫ ઉપર " પૈકી અ.નં. ૩ અને ૪ નાઓએ પહેરેલ સ્વેટર (જાકીટ) કાઢી નાંખેલ છે. ક્રમ નં. ૧ અને ૨ નાઓએ પહેરવેશમાં ફેરફાર કરેલ નથી. " તેમજ પેજ નં. ૭ ઉપર " ઠાકોર કનુજી ચમનજી ગલાબજી ........ વાઘેલા ભરતસિંહ શીવુભા રામસંગજી ....... ભીખાજી પોપટજી કરશનજી ............ જ્યોત્સનાબેન વા/ઓ. કનુજી ચમનજી " ના અક્ષરો પંચનામાના અન્ય અક્ષરોથી નાના અક્ષરો હોવાનું જણાઈ આવે છે અને સદર શબ્દો પંચનામામાં પાછળથી લખેલાનું જણાય છે. ક્યા સંજોગોમાં સદર શબ્દો અલગ પડે છે તે બાબતે એક્ઝી. મેજીસ્ટ્રેટશ્રી તરફે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વધુમાં સદર ઓળખપરેડના પંચનામામાં આરોપી નં. ૧ અનુ. નં. ૫ અને ૬ ની વચ્ચે, આરોપી નં. ૨ અ.નં. ૨ અને ૩ ની વચ્ચે, આરોપી નં. ૩ અનુ. નં. ૮ અને ૯ ની વચ્ચે તેમજ આરોપી નં. ૪ અનુ. નં. ૧૦ અને ૧૧ ની વચ્ચે ઉભા રહેલાનું દર્શાવેલ છે. જ્યારે પેજ નં. ૬ ઉપર આરોપી નં. ૧ અનુ. નં. ૬ અને ૮ ની વચ્ચે, આરોપી નં. ૨ અનુ. નં. ૨ અને ૪ ની વચ્ચે, આરોપી નં. ૩ અનુ. નં. ૧૦ અને ૧૨ ની વચ્ચે તથા આરોપી નં. ૪ અનુ. નં. ૧૩ અને ૧૫ વચ્ચે ઉભા રહેલાનું દર્શાવેલ છે અને સદર હાર મુજબ ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલાનું પંચનામામાં જણાવેલ છે. આમ, જે હારમાં આરોપીઓ પ્રથમ ઉભા રહેલાનું જણાવેલ છે તે હારમાંથી ઓળખી બતાવેલ હોય તેવું પંચનામા ઉપરથી ફલિત થતું નથી ત્યારે ઓળખ પરેડનું પંચનામું કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ કરેલ હોવાનું જણાઈ આવતું ન હોઈ ફરીયાદીએ આ કામના આરોપીઓને ઓળખી બતાવેલ હોવાનું શંકાસ્પદ જણાય છે. જેથી સદર ઓળખ પરેડના પંચનામાના આધારે આ કામના આરોપીઓની સદર ગુનામાં સંડોવણી થતી હોવાનું માની શકાય નહીં.

(૨૪) આ કામે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરીયાદ આપેલ છે અને સદરહું ફરીયાદમાં ઈસમોના નામ બતાવ્યા વિના અલગ અલગ ઈસમે શું શું રોલ ભજવેલ તે તમામ હકીકતો ફરીયાદમાં જણાવેલ છે. આરોપીઓને અટક કર્યા બાદ અને તેઓની ઓળખ પરેડ કરાવી

તે દરમિયાન ક્યા આરોપીએ શું રોલ ભજવેલ તે બાબતે કોઈ હકીકત ફરીયાદી તરફે જણાવેલ હોય અને તે અંગે તપાસ કરનાર અમલદારશ્રીએ વિશેષ નિવેદન લીધેલ હોય તેવું જણાઈ આવતું નથી. ફરીયાદી ઉલટતપાસમાં કયા આરોપીએ તેઓની સાથે શું કર્યું તે પોલીસને લખાવેલ નથી તે હકીકતનો ઈન્કાર કરેલ છે, પરંતુ ફરીયાદ આપ્યા બાદ અને આરોપીઓની ઓળખપરેડ કર્યા બાદ ક્યા આરોપીએ શું શું રોલ ભજવ્યો તેની વિગતવાર હકીકત જણાવેલ હોય અને તે બાબતે વિશેષ નિવેદન લીધેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવતા નથી, ત્યારે આરોપીઓની સંડોવણી બાબતે શંકા ઉપસ્થિત થાય છે.

(૨૫) ફરીયાદ પક્ષ તરફે આંક – ૬૮ થી એ.એસ.આઈ. શૈલેષકુમાર રામજીભાઈ સોલંકીને તપાસેલ છે કે જેઓ બનાવ સમયે એલ.સી.બી. શાખામાં ફરજ બજાવતા હતા. સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા સદર ગુનો વણશોધાયેલ હોઈ જે શોધી કાઢવા સારૂ ઉપરી અધિકારીની સુચના હોઈ તે દરમિયાન સંયુક્ત રીતે પોલીસ સ્ટાફને હકીકત મળેલ કે, ઠાકોર કનુજી ચમનજી તથા તેમની પત્ની જ્યોત્સનાબેન, રહે. માસા, તા. હારીજવાળા તથા અન્ય ઈસમો ગુનાના કામે સંડોવાયેલ છે, પરંતુ આ હકીકત કંઈ રીતે મળેલ તેમજ આરોપીઓના નામ સદરહું ગુનામાં કેવી રીતે ખુલેલ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદીએ તેઓની ફરીયાદમાં તેઓના મોબાઈલ નં. ૭૦૯૬૮૩૪૦૩૮ ઉપર મોબાઈલ નં. ૯૯૦૯૯૩૪૦૭૩ ઉપરથી ફોન આવેલ અને જણાવેલ કે, રાજભા બોલું છું તેમ કહી કહેલ કે, પૈસાનું શું થયું. આમ, ફરીયાદીના મોબાઈલ ઉપર પૈસાની ઉઘરાણી બાબતે બીજા દિવસે ફોન આવેલ હોવા છતાં અને તે હકીકત ફરીયાદીએ જણાવેલ હોવા છતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ ફરીયાદીના મોબાઈલની કોઈ કોલ ડીટેઈલ કઢાવેલ નથી તેમજ મોબાઈલ નં. ૯૯૦૯૯૩૪૦૭૩ નો ફોન કોના નામનો આવેલ છે તે બાબતે પણ કોઈ તપાસ કરાવેલ નથી ત્યારે આ કામના આરોપીઓની સદરહું ગુનાના કામે સંડોવણી હોવા બાબતે શંકા ઉપસ્થિત થાય છે.

(૨૬) આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીનું ગાડી સાથે અપહરણ કરી લઈ જઈ ફરીયાદીને ખોટી રીતે ફસાવી પચાસ લાખ રૂપિયાની માંગણી કરી અને છેલ્લે રૂપિયા ચાર લાખમાં પતાવટ કરવાનું નક્કી કરી ફરીયાદીને સ્વેચ્છાપુર્વક ઈજા પહોંચાડી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ફરીયાદી પાસે બળજબરીથી પૈસા કઢાવી લેવાની કોશિષ કરેલ હોવાનો જે બનાવ બનેલાનું ફરીયાદી જણાવે છે તે બનાવમાં આ કામના આરોપીઓની સંડોવણી હોવાનું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ આ કામના આરોપીઓને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોઈ, સદર કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ મુદ્દા નં. ૧ નો જવાબ **નકાર**માં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૩૫(૧) અન્વયે સદર સેશન્સ કેસ નં. ૯૭/૨૦૨૧ ના કામના આરોપી નં. **(૧) કનુજી ચમનજી ગલાબજી ઠાકોર, (૨) જ્યોત્સનાબેન વા/ઓ. કનુજી ચમનજી ઠાકોર,** રહે. માસા, આથમણા આંટા સીમમાં ખેતરમાં, તા. હારીજ, જી. પાટણ, **(૩) ભરતસિંહ શિવુભા રામસંગજી વાઘેલા(દરબાર),** રહે. થરા, મારૂતિનગર સોસાયટી, તા. કાંકરેજ, જી. બનાસકાંઠા. હાલ રહે. સુરમ્ય રેસીડન્સી, મકાન નં. ૧૯, હાંસાપુર રોડ, પાટણ તથા **(૪) ભીખાજી પોપટજી કરશનજી ઠાકોર,** રહે. વામૈયા, કાચાણી પાર્ટી, તા. જી. પાટણ. હાલ રહે. સુરમ્ય રેસીડન્સી, મકાન નં. ૯, હાંસાપુર રોડ, પાટણ. તા.જી. પાટણવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૪(ક), ૩૮૫, ૪૧૯, ૫૧૧, ૩૨૩,

..૪૦.....

૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુના અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી નં. ૧૨/૨૦૨૦ થી કબજે લેવાયેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧, ૨, ૪ ના અનુક્રમે સેમસંગ કંપનીનો ડ્યુઓસ સાદો મોબાઈલ, આઈટેલ એલ ૫૫૦૨ નો એન્ડ્રોઈડ મોબાઈલ, સેમસંગ કંપનીનો સાદો મોબાઈલ અપીલ સમય વીત્યા બાદ યોગ્ય વેરીફીકેશન કરી તેના માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. જ્યારે મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ અનુક્રમે સ્વીફ્ટ કાર નં. જીજે–૨/સીજી–૨૬૬૧, વીવો કંપનીનો ૨૦૧૭ મોડલનો એન્ડ્રોઈડ મોબાઈલ, ટેકનો કેમોન કંપનીનો મોબાઈલ અગાઉ પરત સોંપવાનો જે હુકમ થયેલ છે તે અપીલ સમય વીત્યા બાદ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ) અન્વયે આ કામના દરેક આરોપીઓએ રૂ.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન અને તેટલીજ રકમના સદ્ધર જામીન, ૬(છ) માસ સુધીના આ અદાલતમાં આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૬/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
**સેશન્શ જજ,**
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00524 )**

( **BKP** )